
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

6701



SHRI ATMANAND PRAKASH



શ્રી પાવાપુરીજી તીર્થ

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૨
અંક ૧ લો.

શ્રાવણ
સં. ૨૦૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ હું. | ( પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય ) | ૧ |
| ૨ જરા થોભો | ,, ,, | ૧ |
| ૩ નૂતનવર્ષનું મંગળમય વિધાન | ( હરિલાલ દેવચંદ શેઠ ) | ૨ |
| ૪ નમિસાધુનો કોયડો | ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા ) | ૧૨ |
| ૫ નવપદજીના પ્રાચીન ચૈત્યવંદનો | ( પં. શ્રી રામવિજયજી ગણિ ) | ૧૫ |
| ૬ અખંડ રહો ( શુભાશીષ ) | ( અમરચંદ માવજી શાહ ) | ૧૬ |
| ૭ જૈન યોગવિદ્યા–એક આછી રૂપરેખા | ( પ્રો. જયંતીલાલ ભાઇશંકર દવે ) | ૧૭ |
| ૮ નિઃસ્વાર્થ સેવા એ જ પરમ સ્વાર્થ | ( स ) | ૨૦ |
| ૯ ચાતુર્માસ–યાદી | | ૨૧ |
| ૧૦ નિષ્પ્રકમ્પતા | ( શ્રી વસંતલાલ કાંતિલાલ ) | ૨૨ |
| ૧૧ વર્તમાન સમાચાર—સ્વીકાર | | ૨૩–૨૪ |


### નવા થયેલા માનવંતા લાઇફ મેમ્બરો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી દેવસાગરજી પુસ્તક સંગ્રહ. | ગોધરા | ૫ | શેઠ જયંતીલાલ પોપટલાલ | કોલ્હાપુર |
| ૨ | શેઠ પ્રફુલ્લચંદ્ર ચુનીલાલ | રાજકોટ | ૬ | ગાંધી જયંતીલાલ કાન્તીલાલ | કપડવંજ |
| ૩ | શેઠ ચુનીલાલ લાલચંદ | મુંબઇ | ૭ | શેઠ લક્ષ્મીચંદ લાલજીભાઇ | અંધેરી |
| ૪ | શેઠ જેચંદભાઇ ફુલચંદ | ભાવનગર | | | |

### શ્રી આત્માનંદપ્રકાશના માનવંતા ગ્રાહકોને

## ૫૧ મા વર્ષની ભેટ.

**આર્હત–ધર્મ પ્રકાશ** ( જૈનધર્મ ) લેખક શ્રી દક્ષિણદીપક પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન્ શિષ્ય શ્રી કીર્ત્તિવિજયજી મહારાજ જુદી જુદી પ્રકૃતિના પ્રાણીઓને અનુલક્ષી ઉત્ક્રાંતિક્રમના વિવિધ સોપાન તરીકે જૈનધર્મનું સ્વરૂપ સંક્ષિપ્તમાં જણાવનાર (જેવાં કે સ્યાદ્વાદ, કર્મ, ઇશ્વર કર્ત્તા, આત્મા, ષડ્દ્રવ્ય, તપશ્ચર્યા વગેરે ) સોળ વિષયોને સરળ રીતે આ બુકમાં કર્ત્તા મુનિશ્રીએ જણાવેલા છે. સૌ કોઇને ઉપયોગી થઇ પડે તેવો, જૈનધર્મના મર્મને સહેલાઇથી સમજી શકાય તેવો આ લઘુ ગ્રંથ છે. આ ગ્રંથની ગુજરાતી, હિન્દી, તામિલ અને ઇંગ્લીશ ભાષામાં વીશ હજાર કોપીઓ પ્રકટ કરેલી છે. ઉપરોક્ત પુસ્તક અમારા સુજ્ઞ ગ્રાહકોને ૫૨ મા વર્ષની ભેટ તરીકે શ્રાવણશુદ ૧ થી લવાજમના રૂા. ૩–૦–૦ તથા ભેટની બુકના પોસ્ટખર્ચના રૂા. ૦–૧૦–૦ મળી રૂા. ૩–૧૦–૦ નું વી. પી. કરી મોકલવામાં આવેલ છે. તે અમારા માનવંતા ગ્રાહકો સ્વીકારી લઇ આભારી કરશે. બાર માસ સુધી માસિકના ગ્રાહક રહી વી. પી. પાછું નહિં વાળવા નમ્ર સૂચના છે; કારણ કે તેથી જ્ઞાનખાતાને નુકસાન થવાથી જ્ઞાનના દેવાદાર થવું પડે છે.

અગાઉથી લવાજમના રૂા. ૩–૦–૦ તથા બુકના પોસ્ટેજના રૂા. ૦–૧૦–૦ મળી રૂા. ૩–૧૦–૦ મોકલનારને વી. પી કરવામાં આવશે નહિં. અંક ૨–૩ ભાદરવો–આસો તા. ૧૫–૧૦–૧૯૫૪ પ્રસિદ્ધ થશે.

### નમ્ર સૂચના.

**બૃહત્કલ્પસૂત્ર** છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલાક ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિં મેળવનાર અથવા બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાનભંડારો, ખપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સમા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૩–૪–૫ ભાગો મેળવીને હાલમાં થોડા આખા સેટો એકઠા કર્યા છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે; જેથી જોઇએ તેમણે મંગાવવા નમ્ર સૂચના છે. કિંમત ૩–૪–૫ દરેક ભાગના દશ દશ રૂપિયા સાથી અને છઠ્ઠા ભાગના સોળ રૂપિયા (પોસ્ટેજ જુદું)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૦. શ્રાવણ–ઓગસ્ટ પુસ્તક ૫૨ મું.
વિક્રમ સં. ૨૦૧૦. અંક ૧ લો.

## હું

વાતવાતમાં દરેક જન કહે છે કે હું આવો છું ને તેવો છું. મેં આમ કર્યું અને તેમ કર્યું, મારું આ છે અને તે છે. મારી શક્તિ, મારી આવડત, મારી સમજ કોઇ જુદા પ્રકારની છે. પણ આ હું એ છે કોણ?

હું એ આત્મા છે? હું એ મન છે? કે હું એ શરીર છે?

હું બોલનાર દરેક જો હું એ કોણ છે? અને તે ખરેખર કેવો છે? એટલું જો વિચારે અને તેનું સાચું સ્વરૂપ સમજી લે તો જ્યાં હું નથી ત્યાં વારંવાર જે હુંને ખેંચવામાં આવે છે, તે છૂટી જાય, અને એ છૂટી જાય એટલે હું–જે સાચો હું છે તે બંધનમાંથી છૂટી જાય–મુક્ત બને.

હુંને ઓળખો અને તેના ખરા સ્વરૂપને ખીલવો.

अहं कर्ता च भोक्ताऽहं, मनुते जडचेतनः ॥ जानीयात् चेत् स्वतन्त्रोऽयं, को न मुच्येत बन्धनात् ?॥

## જરા થોભો !

ઓ મુસાફીર! ઓ ભાઇ! ઓ મારા સાથીદાર! જરા થોભ. જરા ઊભો રહે. જરા પાછું વાળીને તો જો.

તું આમ ક્યાં દોડે જાય છે? તારે જવાનો આ રસ્તો નથી. તું માર્ગ ભૂલી ગયો છે. આ ઊંધે રસ્તે આટલી ઊતાવળે શા માટે દોડી રહ્યો છો? જરા ધીરો પડ. હું તારી પાસે આવું છું. તને માર્ગ ઉપર લઇ જવા હું તારી પાછળ આવ્યો છું પણ તું દોડી રહ્યો છે. હું તને મળું એટલો તો ધીરો પડ.

શું થાય? દિશા ભૂલેલો આ આત્મા ઊંધે માર્ગે ચડી ગયો છે ને તે અટકતો નથી.

* * *

તમને તમારા સાથીદાર–તમને સાચો રાહ બતાવનાર મળે એટલો વખત તમે જે માર્ગે આગળ વધી રહ્યા છો ત્યાં અટકી જાવ. જો સાચો રાહ અને તે રાહ બતાવનારા જાણકાર તમને મળી ગયા હોય તો દોડે જાવ તેમાં વાંધો નથી–નહિં તો તમે અટકતા–થોભતા શિખો અને તમને માર્ગ–દર્શક મળે એટલે તે બતાવે તે માર્ગે ચાલો.

भो प्रवासिन् ! क्षणं तिष्ठ, विमार्गं गतवानसि ॥ पन्थानं हितमाचिन्त्य, निश्रेयःपथमाश्रय ॥

પૂજ્ય પંન્યાસજી શ્રી ધુરંધરવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ....नूतन वर्षनुं मंगलमय विधान....

**अहो ! अनन्तवीर्योऽयमात्मा विश्वप्रकाशकः।**
**त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः॥**
ज्ञानार्णव

**અહો ! અનંતવીર્ય આ, આત્મા વિશ્વ પ્રકાશતો;**
**ધ્યાનશક્તિ પ્રભાવે જે, ત્રૈલોકયને ચલાવતો.**

આત્માનંદ–આત્મરમણુતાની વાતો કરતાં કરતાં, પોતાના એકાવન વરસ વીતાવી, **શ્રી આત્માનંદ પ્રકાશ** આજે બાવનમાં વરસમાં પ્રવેશે છે. કોઇ પણુ સામયિક પત્રને પોતાનો અર્ધશતાબ્દિ–સુવર્ણુ મહોત્સવ ઉજવવાનો મંગલમય પ્રસંગ ઉપસ્થિત થાય તેમાં તેનું અહોભાગ્ય રહેલું છે. જીવનની એ ધન્ય ઘડી છે. તેના સંપાદકો અને વાચકો માટે આ પરમાનંદનો પ્રસંગ ગણાય.

આત્મ–વિકાસની સાધના માટે હંમેશા જીવનમાં શુભ નિત્યકર્મનો ક્રમ તો યોજવામાં આવેલ હોય છે અને એ રીતે જીવન સાધનાના પંથે તો હોય છે જ, એમ છતાં આત્મ–વિકાસની આ શુભ ભાવનાને સદા નવપલ્લવિત રાખવા માટે ધાર્મિક ઉત્સવો યોજવામાં આવ્યા છે. આવો એક એક ઉત્સવ આવે છે અને જીવનમાં નવો પ્રાણુ, નવો વેગ, નવું ચેતન રેડી જાય છે. આત્મજાગૃતિ માટે આવા ઉત્સવો કંઇ ઓછા મહત્ત્વના નથી. આત્માર્થીઓ માટે તો એ દીવાદાંડી સમાન છે.

ભાવ–દીપક અસ્ત થતાં દ્રવ્ય–દીપક પ્રગટાવતો દીપોત્સવીનો ઉત્સવ જેમ સારાએ વરસનું શુભાશુભ સરવૈયું આપણી સામે રજૂ કરે છે અને નવી શુભાકાંક્ષાઓથી આપણે નવા વરસમાં મંગલ પ્રવેશ કરીએ છીએ તેમ "આત્માનંદ પ્રકાશ" અનેક મંગલ ભાવનાઓ સાથે આજે બાવનમા વરસમાં પ્રવેશ કરે છે. તેનો સુવર્ણુ મહોત્સવ એ કંઇ ઓછા મહત્ત્વનો નથી. આત્માનંદની પચાસ–પચાસ દિપમાળાથી આપણે તેને સત્કારીએ, ભૂતકાળનું સરવૈયું કાઢી, તેનું તત્ત્વ–ચિન્તન કરી, કોઇ અનેરી ભાવનાઓ જીવનમાં ભરીને આપણે સૌ નૂતન વરસમાં મંગળ પ્રવેશ કરીએ.

"આત્માનંદ" એટલે બીજા શબ્દોમાં કહીએ તો પૂર્ણાનંદ, પૂર્ણાનંદનો અર્થ સમજવા જેવો છે. જેને આપણે સુખ–સંતોષ–આનંદ માની લીધો છે તે તો એક વિકલ્પ માત્ર છે. ધન–વૈભવ–સ્ત્રી–પુત્ર કે ઉચ્ચ અધિકારને આપણે પરમાનંદ માની લીધો છે અને આજે દુનિયાનો મોટો પ્રવાહ આ કલ્પનાથી સુખની–આનંદની શોધમાં પડ્યો છે. આત્માનંદનો એ વાસ્તવિક માર્ગ નથી. ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ 'જ્ઞાનસાર'માં આત્માની પૂર્ણુતાનો ખ્યાલ આપતાં કહે છે કેઃ—

**अवास्तवीविकल्पैः स्यात्,**
**पूर्णताऽब्धेरिवोर्मिभिः।**
**पूर्णानन्दस्तु भगवां-**
**स्तिमितोदधिसन्निभः॥**

અર્થાત્ વિકલ્પોવડે કલ્પી લીધેલી પૂર્ણુતા તોફાની સમુદ્રના તરંગોથી થતી ભરતી જેવી ક્ષણિક–ખોટી છે અને સહજ આનંદથી થએલી આત્માની પૂર્ણુતા તો શાન્ત મહાસાગર જેવી નિશ્ચળ–અડોલ હોય છે.

આત્માના આનંદની શુદ્ધ દ્રષ્ટિ આમાંથી આપણુને મળે છે.

આત્માનંદના પ્રકાશ માટેનો આપણો એકાવન વરસથી પ્રયાસ છે. અંધકારમાંથી પ્રકાશમાં જવાને સૌ કોઇ ઝંખે છે, તેમ આપણે પણુ પ્રકાશની શોધમાં જ છીએ. આ તકે આપણે વિચારવાનું એટલું જ રહે છે કે આપણી સાધના કેટલી ?

આત્માનંદ એ આપણું ધ્યેય છે અને પૂર્ણાનંદ માટે પ્રકાશ મેળવવાનો આપણો પ્રયાસ છે. કદાચ પૂર્ણુતા આપણે ન સાધી હોય, પણુ 'હું કોણુ? મારું શુદ્ધસ્વરૂપ શું ?' આ પ્રશ્નનો આપણે કેટલો વિચાર કર્યો છે ? આત્માની ઓળખ માટે આપણે કેટલું વિચાર–મંથન કર્યું છે ? જીવનની વાસ્તવ દ્રષ્ટિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે કેળવી છે કે કેમ? આવા અનેક પ્રશ્નો આપણા સરવૈયાનો વિચાર કરતી વખતે આપણી સામે ખડા થાય છે. અને તેનો જેટલા અંશે સંતોષકારક જવાબ એટલી આપણી સિદ્ધિ સમજવી.

બાવનમા વરસના મંગલપ્રસંગે પ્રકાશના વાચકો પોતપોતાનું સરવૈયું કાઢે અને આત્માનંદ–પ્રાપ્તિના માર્ગે પ્રગતિ કરવાનો નિર્ણય કરે એમ આ તકે આપણે ઇચ્છીએ.

## સંજ્ઞા–પ્રેરણા

શ્રાવણ માસથી "આત્માનંદ પ્રકાશ" બાવનમા વરસમાં પ્રવેશ કરે છે. શ્રી નંદીશ્વરદ્વીપનું શાશ્વતું બાવન જિનાલય આપણામાં સુપ્રસિદ્ધ છે. નંદીશ્વરદ્વીપની મધ્યભાગની અપેક્ષાએ ચારે દિશામાં શ્યામવર્ણના ચાર અંજનગિરિ આવેલ છે, તે પ્રત્યેક ઉપર એક એક એમ ચાર શાશ્વત જિનચૈત્ય છે, તે મુજબ સોળ દધીમુખ પર્વત પર અને બત્રીશ રતિકર પર્વતો પર એક એક શાશ્વત જિન ચૈત્ય છે. આમ ૪+૧૬+૩૨=૫૨ આ બાવન જિનચૈત્યોની બાવનની સંખ્યા આપણને શાશ્વત–સ્થાન–મોક્ષને પ્રાપ્ત કરવાની શુભ પ્રેરણા કરે છે.

વ્યવહારની ભાષામાં કહીએ તો બાવન પાનાનો ગંજીપો પણ એક સૂચક પ્રેરણારૂપ છે. બાવન પાનાના ગંજીપાનો બનાવેલ મહેલ પવનનો એક સપાટો માત્ર લાગતા ક્ષણ માત્રમાં શીર્ણ–વિશીર્ણ થઇ જાય છે તેમ આ ક્ષણભંગુર દેહ પણ જોતજોતામાં વિનાશ પામવાના સ્વભાવવાળો છે. તો બાજીરાવના બાવનની જેમ છેલ્લી ઘડી સુધી પ્રમાદમાં ન રહેતા, હંમેશ સજાગ રહેવાનું અને મહાસુખી માનવ જીવનને સાર્થક કરવાનું સૂચન કરે છે.

ગણિતની વિવિધ પ્રક્રિયાઓ દ્વારા બાવનની સંજ્ઞાનો વિચાર કરીએ તો ૫+૨=૭ એટલે ધર્મના પાંચ લક્ષણો (ઉદારતા, દાક્ષિણ્યતા, પાપજુગુપ્સા, નિર્મળ બોધ અને જનપ્રિયતા)+ જ્ઞાન અને ક્રિયા એમ બે પ્રકારે પ્રાપ્ત કરી=જીવનમાં સાત પ્રકારની લબ્ધિઓ (દાન, જ્ઞાન, ભોગ, વિજ્ઞાન, પાત્રસંગ્રહ, નરેન્દ્રત્વ અને સર્વજ્ઞત્વ) પ્રાપ્ત કરવાનું સૂચન કરે છે.

૫–૨=૩ પાંચ પ્રકારના અંતરાય (દાનાંતરાય, લાભાન્તરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાન્તરાય) અગર પાંચ પ્રકારના મિથ્યાત્વનો જડ અને ચેતનનો ભેદાભેદ સમજી, શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રના આરંભમાં કહ્યું છે તેમ સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યક્ ચારિત્ર એમ ત્રિવિધે મોક્ષમાર્ગનું અવલંબન લેવાનું સૂચન કરે છે.

૫×૨=૧૦ સમકિતના પાંચ લક્ષણોને જ્ઞાન અને ક્રિયા એમ દ્વિગુણિત ભાવે વિકસાવી, દસ દ્રષ્ટાન્તે દુર્લભ એવું મનુષ્ય જીવન સફળ બનાવવાની પ્રેરણા કરે છે.

૫÷૨=૨॥ પાંચ પ્રકારના પ્રમાદનો અથવા તો પાંચ ઇન્દ્રિયોના વિષયનો શ્રદ્ધા અને શક્તિ એમ બંને પ્રકારના પુરુષાર્થવડે નાશ કરીને, જ્યાં મનુષ્યોને વારંવાર જન્મમરણ કરવા પડે છે તે મનુષ્ય ક્ષેત્ર–અઢી દ્વીપમાં ફરી અવતાર ન લેવો પડે તેવી રીતે સ્વસામર્થ્ય ફોરવી સિદ્ધગતિ સાધવાનું સૂચન કરે છે.

## ગત વરસનું સિંહાવલોકન

પરંપરાગત છીછરી શ્રદ્ધાનું સ્થાન આજે દીર્ઘગવેષણા, ઊંડું વાંચન અને તાત્વિક ચર્ચાને અંગે થએલ નિર્ણયો પર રચાએલ શ્રદ્ધા જેમ લેતી આવે છે તેમ જનતામાંથી છીછરા સાહિત્યનો આદર પણ ઓછો થતો આવે છે. વધુ જોવાની અને જાણવાની લોક–જિજ્ઞાસા દિન ભર દિન વધતી આવે છે. અને લોકમાગને ઓળખી પ્રતિભાશાળી સાત્વિક સાહિત્યના સર્જન તરફ આપણી દ્રષ્ટિ ઢળતી આવતી હોય તેમ ગત વરસના સાહિત્ય પ્રવાહ તરફ નજર નાખતા જણાય છે, એટલે અભ્યાસ યુક્ત સર્વાંગસુંદર સાહિત્યની જે અપેક્ષા આપણે રાખી રહ્યા છીએ તે તરફ સાહિત્ય–સર્જકોએ મીટ માંડી છે, એ દિશામાં અભ્યાસ કરવાની રસવૃત્તિ પણ કેળવાતી આવે છે. અને એ રીતે સાહિત્યની દુનિયામાં આપણે ગતિ કરી રહ્યા છીએ તે આનંદનો વિષય ગણાય.

ગત વરસની આપણી સાહિત્ય પ્રવૃત્તિનું જરા આછું અવલોકન કરી જઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન સાહિત્યનું અપૂર્વ પ્રદર્શન

પ્રાચ્ય–વિદ્યા પરિષદનું સત્તરમું અધિવેશન અમદાવાદખાતે મળી ગયું, સાહિત્યના જુદા જુદા અંગો પર વિચાર–વિનિમય કરવા માટે આ સમયે વિષયવાર જુદી જુદી બેઠકો યોજવામાં આવી હતી. તેમાં પં. જિનવિજયજી આદિને પ્રમુખનું માનભર્યું સ્થાન મળ્યું હતું તેમ આપણા જૈન સાહિત્યકારોએ આ અધિવેશનની સફળતામાં આવકારદાયક ફાળો નોંધાવ્યો હતો.

આ ઉપરાંત જૈન સાહિત્યની દ્રષ્ટિએ મહત્વનો કાર્યક્રમ ગુજરાત વિદ્યાસભા તરફથી આ પ્રસંગે યોજવામાં આવેલ સાહિત્ય પ્રદર્શનનો હતો. આ પ્રદર્શનના પ્રયોજક હતા આગમપ્રભાકર મુનિવર્યશ્રી પુણ્યવિજયજી મહારાજ. તેઓશ્રીએ અવિશ્રાંત શ્રમ લઇ ગુજરાતના પ્રાચીન સાહિત્યભંડારોની સેંકડો પ્રતો, સચિત્ર વિજ્ઞપ્તિપત્રો, બાદશાહી ફરમાનો અને પ્રાચીન આગમ ગ્રંથોથી માંડીને છેક ઓગણીસમી સદી સુધીના સ્તવનો–સજ્ઝાયો ઇ. પરિચયનોંધ લખીને આમાં રજૂ કર્યા હતા. ભૂતકાળની જૈન સાહિત્યસેવાનો ગૌરવભર્યો ખ્યાલ આ પ્રદર્શન આપતું હતું. એટલું જ નહિ પરંતુ બે માસ સુધી આ અપૂર્વ પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવેલ. દરમિયાન એક તીર્થધામની જેમ આ પણ સાહિત્યનું એક તીર્થધામ બની રહ્યું હતું. શેઠ શ્રી કસ્તુરભાઇએ આ પ્રદર્શન ખુલ્લું મૂક્યું હતું અને જૈન સાહિત્યનો દ્રષ્ટિકોણ રજૂ કરતું મુનિશ્રી પુણ્યવિજયજીનું ભાષણ સાહિત્યપ્રેમીઓને અભ્યાસની મહામૂલી સામગ્રી પૂરી પાડતું હતું. વિશાળ જગતમાં જૈન સાહિત્યના મૂલ્યાંકનો અંકાવવા માટે તેમજ સમગ્ર જનતાને જૈન સાહિત્ય તરફ ખેંચવા માટેનો આ પ્રસંગ અતિ ગૌરવભર્યો હતો.

## પ્રાકૃત ટ્રેક્સ્ટ સોસાયટી

સંસ્કૃત, પ્રાકૃત અને પાલી, ભારતીય સંસ્કૃતિની આ ત્રણ મહાન ધારાઓ. ભારતીય સંસ્કૃતિની ઉજ્વળ કંડિકાઓનો પ્રાચીન ગૌરવભર્યો ઇતિહાસ આ ધારાઓમાં લખાયો છે.

ભારતીય લોકભાષા તરીકે ત્રણ હજાર વરસ સુધી પ્રાકૃત ભાષાએ સ્થાન લીધું છે, ભારતના ઇતિહાસને સર્વાંગી ન્યાય આપવો હોય–તેનો પૂર્ણ અભ્યાસ કરવો હોય તો પ્રાકૃત ભાષાનો અભ્યાસ અનિવાર્ય છે.

પાલી ભાષાના ઉત્કર્ષ માટે "પાલી ટ્રેક્સ્ટ સોસાયટી"નું સ્થાપન કરવામાં આવ્યું છે અને તેને વેગ આપવા ભારત સરકાર તથા બૌદ્ધ સોસાયટી વ્યવસ્થિત ભોગ આપી રહેલ છે. સંસ્કૃત ભાષાના ઉત્કર્ષ માટે પણ આવી જ વ્યવસ્થિત યોજના અનેકવિધ રીતે ગતિમાં છે. જ્યારે પ્રાકૃત ભાષાના ઉત્કર્ષ માટે કોઇ વ્યવસ્થિત સોસાયટી નથી.

આપણું પ્રાકૃત પ્રાચીન સાહિત્ય જ્યારે ભંડારોમાં ગોંધાએલ સ્થિતિમાં પડ્યું હતું ત્યારે વિદેશમાં બેઠા બેઠા તેના વિદેશી અભ્યાસકોએ પ્રાકૃત સાહિત્યના ઉત્કર્ષની દિશામાં પોતાનો પ્રયાસ શરૂ કર્યો, અને ઊંડા સંશોધન અને તુલનાત્મક વિવેચન સાથે ડૉ. શુર્બીંગે "આવશ્યક સૂત્ર" નું મહામૂલું પ્રકાશન બહાર મૂક્યું. ડૉ. લોયમાનનું "આવશ્યક સૂત્ર" એવા જ સુંદર ઢંગમાં બહાર પડ્યું અને આ રીતે વિદેશીઓએ પ્રાકૃત ભાષાના અને આપણા આગમ સાહિત્યના મૂલ્યાંકન જગતને સમજાવ્યા.

ત્યારપછી તો ડૉ. બુલ્હરથી માંડી ડૉ. બ્લેન્ડર ફીશર સુધીના પચાસ કરતાં પણ વધુ વિદેશી વિદ્વાનો જૈન સાહિત્ય તરફ ખેંચાયા અને તેનો અભ્યાસ કર્યો.

દરમિયાન ડૉ. પીશલે "પ્રાકૃત જૈન ટ્રેક્સ્ટ સોસાયટી"ની સ્થાપના કરવા માટે યોજના બહાર મૂકી હતી અને ડૉ. જેકોબી વગેરે જૈન સાહિત્યના વિદેશી વિદ્વાનોએ આ યોજનાની આવશ્યકતાનો સ્વીકાર કર્યો હતો, પરંતુ આ અગત્યની વાત આપણે અપનાવી શક્યા ન હતા.

શ્રી ફતેચંદ બેલાણીના પ્રયાસથી દીલ્હીખાતે બનારસ યુનિવરસીટિના વાઇસ પ્રેસીડેન્ટ આચાર્ય નરેન્દ્રદેવના પ્રમુખપણા નીચે ગયા વરસે પ્રાકૃત ટ્રેક્સ્ટ સોસાયટીની સ્થાપના કરવામાં આવી છે. અને પ્રાકૃત સાહિત્યના પ્રકાન્ડપંડિત આગમપ્રભાકર મુનિ શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્યવિજયજી મહારાજની રાહબરી નીચે પ્રાકૃત સાહિત્ય સંશોધનનું કાર્ય ઉપાડી લેવામાં આવ્યું છે. ત્રણે ફીરકાના જૈન તેમજ અજૈન વિદ્વાનો આ સોસાયટીમાં જોડાયા છે. અને ભારતના અતિ પ્રાચીન " અંગવિજ્જા " ગ્રંથનું મુદ્રણકાર્ય સોસાયટીએ શરૂ કર્યું છે. બીજા ગ્રંથોનું સંશોધન પણ ચાલુ કરવામાં આવેલ છે.

અન્ય સાહિત્ય પ્રકાશન સંસ્થાઓ કરતા આ સંસ્થામાં એક વિશિષ્ટતા એ છે કે ભારત સરકારે આ સંસ્થાને ગ્રાન્ટ આપીને અપનાવી છે, અને જૈન કે જૈનેતર તમામ વિદ્વાનોના સંયુક્ત સહકારથી આ સંસ્થા પોતાનું કાર્ય આગળ ધપાવી રહેલ છે. એ રીતે તેનું ક્ષેત્ર વિશાળ છે અને સહકાર પણ વ્યાપક જગતનો છે.

## વ્યાપક દ્રષ્ટિએ જૈન સાહિત્ય

દેશ અને દુનિયાના લોકો ધીમે ધીમે જૈન સાહિત્યનું મહત્વ સમજતા થયા છે. ત્યારે જનતાની એ રુચિને પહોંચી વળવા માટે આપણે પણ તૈયાર થવું જ ઘટે. વિવાદોથી પર અને જૈન–દર્શનની નિર્મળ દ્રષ્ટિ રજૂ કરતું સાહિત્ય તૈયાર કરવાની અગત્ય બનારસના શ્રી પાર્શ્વનાથ વિદ્યાશ્રમે સ્વીકારી. અને તેના સમર્થનમાં ( ૧ ) જૈન વિશેષ નામોનો શબ્દકોષ. ( ૨ ) જૈન દર્શન અને ધર્મનો ક્રમબદ્ધ ઈતિહાસ. ( ૩ ) જૈન ધર્મનો શબ્દકોષ ( ૪ ) જૈન સાહિત્યમાંની સામગ્રીની સાંસ્કૃતિક, રાજનૈતિક, ભાગોલિક વગેરે દષ્ટિએ સંકલનાઓ. ( ૫ ) જૈન સાહિત્યનો ઈતિહાસ તૈયાર કરવાની યોજના ઘડી કાઢી.

આ યોજનામાંથી " જૈન સાહિત્યનો ઇતિહાસ " તૈયાર કરવાની યોજનાને આખરી સ્વરૂપ આપવાનો સંસ્થાએ નિર્ણય કર્યો છે. અને ૧૯૫૫ ની આખર સુધીમાં આ કાર્ય પૂરું કરવાની દ્રષ્ટિ સામે રાખીને તે તે વિષયના નિષ્ણાતોને આ કાર્ય સુપ્રત કરવામાં આવેલ છે. ત્રણે ફીરકાના સહકારથી આ સાહિત્ય તૈયાર કરવામાં આવશે. અને ફીરકાભેદથી પર રહી કેવળ જૈન સંસ્કૃતિની વ્યાપક દ્રષ્ટિએ રજૂ કરવામાં આવશે. આ રીતે વિશાળ જગતને જૈન સાહિત્યના અભ્યાસની જે ભૂખ લાગી છે તે આવા વ્યાપક સાહિત્યથી પૂરી પાડી શકાશે. આ મંગળ કાર્ય ગયા વરસથી શરૂ થયું છે.

## આગમ સાહિત્ય

જ્યારે જ્યારે જૈન સાહિત્યનો વિચાર કરીએ છીએ ત્યારે આગમ સાહિત્યનો પ્રશ્ન સૌપ્રથમ આપણી સામે ખડો થાય છે. આગમની શુદ્ધ આવૃત્તિ માટે આપણા પ્રયાસો પણ ચાલુ છે, અમુક આગમપ્રેમીઓએ તો પોતાની સર્વ શક્તિ આગમ સાહિત્ય પાછળ સમર્પી દીધી છે. એમ છતાં જેટલું મહત્વ આ કાર્યનું છે તેટલો રસ આપણે કેળવી શકયા નથી.

બ્રહ્મદેશમાં રંગુનથી થોડે દૂર બુદ્ધ સમાજના છઠ્ઠા સંગાયનનો ગત વૈશાક માસથી આરંભ થયો છે. સંગાયનનો અર્થ સામાન્ય રીતે આગમ વાચના જેવો થાય છે. આ પ્રસંગે બુદ્ધ ધર્મના પંડિતો એકત્ર થાય છે, અને શાસ્ત્રના પાઠોની પરસ્પર વાચનામેળવણી કરી તેને વ્યવસ્થિત રૂપમાં મૂકે છે. બે હજાર વરસે આ છઠ્ઠું સંગાયન મળે છે.

બરમાની સરકાર, બુદ્ધ શાસન કાઉન્સીલ અને અન્ય સંસ્થાઓએ મળીને બે કરોડની રકમ આ કાર્ય માટે એકઠી કરી છે અને વધુ રકમની જરૂર પડે તો આપવાની જાહેરાત કરી છે. બે વરસે આ કાર્ય પૂરું થશે, અને શાસ્ત્રગ્રંથોનું સંશોધન થઇ ગયા બાદ સુવ્યવસ્થિત થએલ શાસ્ત્રગ્રંથોનું પ્રકાશન બરમી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં કરવામાં આવશે. આમ સંગાયનનું કાર્ય પૂરું થતાં તેને એક બુદ્ધ વિશ્વવિદ્યાલયના રૂપમાં ફેરવી નાખવામાં આવશે.

પોતાના શાસ્ત્રગ્રંથોનું મૂલ્ય બુદ્ધ સમાજ કેવી રીતે આંકે છે અને યુગપ્રવાહને સમજી તે દિશામાં કેવું સક્રિય કાર્ય કરી રહેલ છે તેનો આછો ખ્યાલ આપણને ઉપરની હકીકતમાંથી મળી રહે છે. આપણા આગમ સાહિત્યના પ્રકાશનનું મહત્વ આપણને આ પ્રસંગમાંથી પણ સમજી શકાય તેમ છે. આગમ સંશોધનની પ્રવૃત્તિ આમ તો આપણે ચલાવી રહ્યા છીએ. આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજી મહારાજ

For Private And Personal Use Only

અને અન્ય વિદ્વદ્વર્યોનો તેને પૂરો સહકાર છે. ગત વરસમાં તે દિશામાં થોડું કામ પણ થયું છે, પરંતુ જ્યારે ભૂખ લાગી હોય તે સમયે જ ભોજન પીરસવાની કિંમત છે. તેમ આજે જૈન સાહિત્યના અભ્યાસની જ્યારે જગતને ભૂખ લાગી છે ત્યારે આગમ પ્રકાશનના કાર્યને આપણે વધુ વેગથી અપનાવવું જોઇએ, અને સમગ્ર જૈન સમાજે આ પ્રશ્નને પોતાનો પ્રિય પ્રશ્ન માની બનતો ભોગ આપવા તત્પર થવું જોઇએ. આપણે સૌ જાગ્રત થઇએ તો આપણે આપણું મહામૂલું આગમ સાહિત્ય સવેળા જગતને આપી શકીશું અને એ રીતે જૈન શાસનની–જૈન સાહિત્યની સેવા બજાવી શકીશું.

## છૂટી-છવાઇ સાહિત્ય વિષયક પ્રવૃત્તિઓ

ગત વરસે ઉપસ્થિત થયેલ સાહિત્યના મહત્વના પ્રસંગોની આપણે વાત કરી, હવે ચાલુ પ્રવૃત્તિનો વિચાર કરીએ. આપણા આવશ્યક સૂત્રો ઉપર અભ્યાસપૂર્ણ પ્રકાશ પાડતા પ્રતિક્રમણ પ્રબોધ ટીકાના ત્રણ ભાગો તૈયાર થઇ રહ્યા હતા તે પૂર્ણ થયા છે અને તેને સારો આદર મળ્યો છે. શેઠ શ્રી અમૃતલાલ કાળીદાસ દોસી તથા શ્રી ધીરજલાલ ટોકરશીનો આ બાબતનો પ્રયાસ આવકારદાયક લેખાયો છે.

વડોદરાના વિદ્વાન પુરાતત્ત્વપ્રેમી શ્રી ઉમાકાન્ત પ્રેમચંદ શાહે "મૂર્તિવિધાન શાસ્ત્રના તત્ત્વો" પર નિબંધ લખીને પીએચ. ડી. ની માનભરી ડીગ્રી મેળવી છે. રેડીયો પર જૈન સાહિત્યની કથાઓ લોકભોગ્ય શૈલિએ રજૂ કરવાનું કાર્ય શ્રી જયભિખ્ખુએ શરૂ કર્યું છે તેમાં આ વરસે પણ તેઓએ પતિતપાવન, બહુરૂપી, પન્નાબાઇ, વગેરે કથાઓ રજૂ કરી છે અને જનતાએ તે પ્રેમપૂર્વક આવકારી છે. શ્રી બુદ્ધિસાગર જૈન સાહિત્ય પારિતોષિક સમિતિએ સં. ૨૦૦૯ ના સર્વશ્રેષ્ઠ જૈન ગ્રંથ તરીકેનું ઇનામ તેમની "ચક્રવર્તી ભરત" ની નવલિકા બદલ શ્રી જયભિખ્ખુને આપેલ છે. જ્યારે ૨૦૦૮ ના શ્રેષ્ઠ જૈન ગ્રંથ તરીકે પ્રતિક્રમણ પ્રબોધ ટીકા ભા. ૨ જો પસંદ કરવામાં આવેલ.

કપડવંજખાતે આચાર્ય માણિક્યસૂરીશ્વરજી તથા આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી અભયદેવસૂરિ જૈન જ્ઞાનમંદિર ખુલ્લું મૂકવામાં આવ્યું છે. જૈન શાસ્ત્રનો અભ્યાસ કરવા માટે અત્રે તમામ સગવડો રાખવાનો પ્રબંધ આ જ્ઞાન મંદિરમાં યોજવામાં આવ્યો છે.

પંડિત જવાહરલાલ નહેરુ રાજસ્થાનના પ્રવાસે નિકળ્યા ત્યારે જેસલમેર તરફ ગયા હતા. આ તકનો લાભ લઇ ત્યાંના સંઘ તથા જ્ઞાનભંડારના વ્યવસ્થાપકોએ પંડિતજીને જૈન ગ્રંથભંડારોની મુલાકાતે ખાસ બોલાવ્યા હતા અને આપણા પ્રાચીન જૈન સાહિત્ય તરફ તેઓશ્રીનું લક્ષ ખેંચવાની તક લીધી હતી.

ગુર્જર સાહિત્યકારોમાં આપણા જૈન ભાઇઓ પણ સારી ખ્યાતિ મેળવતા આવે છે. જાણીતા નવલકથાકાર શ્રી ચુનીલાલ મડિયા જૈનનું નામ કોઇ પણ કથાપ્રેમી ભાઇથી ભાગ્યે જ અજાણ હશે. "ન્યુયોર્ક હેરલ્ડ ટ્રિબ્યુન" તરફથી યોજવામાં આવેલ વિશ્વ વાર્તા–સ્પર્ધામાં ગુજરાતી વાર્તાની સ્પર્ધામાં શ્રી મડીયાની અંતસ્રોતાની વાર્તા પેલું ઇનામ જીતી ગઇ છે અને તે બદલ અમેરીકાની ઉક્ત સંસ્થાએ તેઓને રૂા. ૫૦૦) નું ઇનામ આપેલ છે. નાટકની સર્વશ્રેષ્ઠ કૃતિ તરીકે પણ તેઓશ્રીએ લખેલ "શાદા"ની કૃતિ નર્મદ સુવર્ણચંદ્રક મેળવી શકી છે. આમ ગુજરાતી સાહિત્યમાં આગળ વધતા આપણા જૈન યુવાન મડિયાને આપણે અભિનંદન આપીએ.

આ ઉપરાંત આપણી સભાની સાહિત્ય પ્રવૃત્તિ પણ બરાબર ચાલી રહેલ છે. વિદ્વદ્વર્ય પૂજ્ય મુનિવર્ય શ્રીમદ્ જંબુવિજયજી મહારાજના અથાગ શ્રમથી તૈયાર થઇ રહેલ 'નયચક્રસાર' નામના અપૂર્વ ગ્રંથનો પ્રથમ ભાગ તૈયાર થવા આવ્યો છે જે ટૂંક સમયમાં પ્રગટ થશે ત્યારે મુનિવર્યની અદ્વિતીય સાહિત્ય સેવાનો આપણને ખ્યાલ આવશે. બૃહત્કલ્પ સૂત્રનો છઠ્ઠો ( છેલ્લો ) ભાગ પણ આ વરસે પ્રગટ થઇ ગયો છે, અને જણાવતાં આનંદ થાય છે કે આ ગ્રંથમાં પૂ. મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજે અભ્યાસપૂર્ણ મનનીય જે પ્રસ્તાવના રજૂ કરી છે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના બદલામાં તેઓશ્રીને શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક અર્પણ કરવાનો સાહિત્ય સમિતિએ નિર્ણય કર્યો છે.

આમ ધીમે ધીમે નક્કર રૂપ લેતી આપણી જૈન સાહિત્યની પ્રકાશન પ્રવૃત્તિઓ જોતાં જણાય છે કે સમાજને સાત્વિક સાહિત્યની રુચિ વધી છે અને એ દિશામાં શક્ય પ્રયાસો ચાલુ છે.

## આપણું શિક્ષણ ક્ષેત્ર

શિક્ષણની દ્રષ્ટિએ આપણી મહાવીર જૈન વિદ્યાલય સારી પ્રગતિ કરી શકેલ છે. રાજકારણ-નિષ્ણાતો તૈયાર કરવાની અગત્ય જણાતા સરકારી સનદી પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને સગવડ આપવાનો સંસ્થાએ નિર્ણય કર્યો છે. તેમજ વડોદરાખાતે જૈન વિદ્યાર્થી આશ્રમનું વિદ્યાલય સાથે જોડાણ કરવામાં આવતાં વિદ્યાલયની એક વધુ શાખા વડોદરા-ખાતે ખોલવામાં આવી છે. કપુરચંદ એન્ડ કું.ના માલીક બન્ધુઓએ વિદ્યાલયને અઢી લાખની મોટી રકમ આપી સંસ્થાને વધુ પગભર કરી છે. આપણી સખાવતોમાં આ સખાવત નોંધપાત્ર છે એટલી જ અભિનંદનીય ગણાય.

સૌરાષ્ટ્રમાં પણ શિક્ષણ સંસ્થાઓની ઠીક વૃદ્ધિ થતી આવે છે. સાવરકુંડલાખાતે તૈયાર કરવામાં આવેલ જૈન વિદ્યાર્થીગૃહનું મકાન માગશર વદ ૧૧ના શેઠશ્રી ભોગીલાલ મગનલાલના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું, તેમજ આપણી સભાના ભૂતપૂર્વ ટ્રેઝરર શ્રી અમૃતલાલ છગનલાલ સુખડીયાએ સતત પ્રયાસ ખેડી સીત્તેર હજારની રકમ એકત્ર કરી ભાવનગરખાતે સુખડીયા ભાઇઓના અભ્યાસ માટે વિદ્યાર્થીગૃહ ખુલ્લું મૂક્યું છે.

જૈન શ્રીમંતોનો દાનપ્રવાહ માત્ર જૈનો પૂરતો જ હોતો નથી, પરંતુ અન્ય જરૂરી ક્ષેત્રોમાં પણ તેઓ એટલા જ ઉદાર દીલથી ઊભા રહે છે. આ વાતની પ્રતીતિ કરાવતો એક દાખલો કચ્છ-ભૂજમાં બની ગયો. ડો. રાધાકૃષ્ણના હસ્તે કચ્છ-ભૂજમાં ઇન્ટરમીડીએટ કોલેજ ખોલવાનો પાયો નખાયો. આ સંસ્થા માટે રૂા. બે લાખ આડત્રીસ હજારનું ઉમદા દાન કરનાર રામજીભાઇ આર. લાલન આપણા જૈન ભાઇ છે અને આ રીતે જાહેર ક્ષેત્રોમાં જૈન ભાઇઓ સખાવત કરતા રહ્યા છે તે ખુશી થવા જેવું છે.

## ધાર્મિક આંદોલન

ક્રિયારૂચિ અને અનુષ્ઠાનો તરફનો પ્રેમ વધતો આવતો હોય તેમ ગયા વરસે ઉપધાનો સારા પ્રમાણ-માં થયા હતા. ઘાટકોપરમાં આચાર્ય વિજયવલ્લભ-સૂરીશ્વરની નિશ્રામાં પણ ઉપધાન થયા હતા તેવી જ રીતે પ્રતિષ્ઠા મહોત્સવ પણ ઘણા થયા. ભાવનગરમાં શ્રી મણિલાલ નારણજી ભાણાભાઇએ કૃષ્ણનગરમાં તૈયાર કરાવેલ શ્રી મહાવીર જિનપ્રાસાદ તથા તળાજાખાતે શ્રી મહાવીર જિનપ્રાસાદ યુક્ત તૈયાર થયેલ બાવન જિનાલય અને ચૌમુખજીની ટુંકનો પ્રતિષ્ઠામહોત્સવ ધામધુમપૂર્વક કરવામાં આવ્યો. આ સિવાય બેન્ગ-લોર, ઝરીયા, ભદ્રાવળ, પાલેજ, આદિ ઘણાં ગામોમાં પણ પ્રતિષ્ઠા મહોત્સવો ધામધુમથી કરવામાં આવ્યા હતા. અને બેન્ગલોરના ચાતુર્માસ દરમિયાન આચાર્ય વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજને "દક્ષિણદીપક" અને મુનિ શ્રી કીર્તિવિજયજી મહારાજને "કવિકુલ-તિલક"ની પદવી એનાયત કરવામાં આવી.

પદવીપ્રદાનનો બીજો નોંધપાત્ર પ્રસંગ વડોદરા-ખાતે બની ગયો. જેસલમેર આદિ પ્રાચીન ભંડારોનો ઉદ્ધાર કરનાર અને આ સભાના સંસ્કૃત સાહિત્યના અનેક ગ્રંથોના સંપાદક સાહિત્યપ્રેમી મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજને આચાર્ય માણિક્યસૂરીશ્વરજી-ની નિશ્રામાં વડોદરાખાતે મા. શુ. ૩ ના "આગમ-પ્રભાકર"ની પદવી આપવામાં આવી. પોતાની પ્રકૃતિ મુજબ તેઓશ્રી હંમેશા પદવીથી દૂર રહેતા આવ્યા છે, એમ છતાં સાગ્રહ લાદવામાં આવેલ આ પદવીપ્રદાન-નો આ પ્રસંગ અતિ આનંદનો હતો. યોગ્ય સાહિત્ય-સેવકની યોગ્ય કદર કરવાની વડોદરાને તક મળી તે બદલ સભાએ પોતાના અભિનંદન પાઠવ્યા હતા.

આચાર્ય શ્રીવિજયપ્રેમસૂરીશ્વરજીની નિશ્રામાં ભાગ-વતી દીક્ષાના પ્રસંગો પણ બની ગયા.

For Private And Personal Use Only

## પ્રચારકાર્ય

આ ઉપરાંત તા. ૧૭–૪–૫૪ ના દિવસે સીરપુર-ખાતે જૈન સંસ્કૃતિરક્ષક સભાનું ચોથું અધિવેશન શ્રી ઇશ્વરલાલ વાડીલાલના પ્રમુખપણા નીચે મળી ગયું, જેમાં ધાર્મિક હિતોના રક્ષણ માટે યોગ્ય નિર્ણયો કરવામાં આવ્યા હતા.

ગુજરાતમાં પરમાર ક્ષત્રિય ભાઇઓ જૈન ધર્મમાં જેમ રસ લેતા થયા છે તેમ મેવાડની વીર ભૂમિમાં ગોમતીના કિનારે આદિવાસી ગણાતા બારગોત્રના રાવતમીણા લોકો વસે છે તેઓ જૈન ધર્મમાં રસ લેતા થયા છે. અને ગોમતીના કિનારે તેઓએ શિખરબંધ જિનાલય તૈયાર કર્યું છે અને માંસ–મદિરાદિ અભક્ષ્યનો ત્યાગ કરી જૈનાચાર પાળતા થયા છે. રાજસ્થાનમાં બાડમેર તરફ ઉપદેશ આપવામાં આવતા ૬૦૦ જેટલા માણસોએ માંસ–મદિરાનો ત્યાગ કરી જૈન ધર્મ પરત્વે પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી છે. આમ સદાચાર અને માનવતાના સર્જન દ્વારા આપણા પૂજ્ય મુનિવર્યોની દૃષ્ટિ વળી છે અને અજ્ઞાત પ્રજાને માનવતાના માર્ગે દોરી રહ્યા છે તે આવકારદાયક પગલું ગણાય.

## ટ્રસ્ટ એકટમાં સુધારો

૧૯૫૦માં મુંબઇ ઇલાકામાં ધાર્મિક ટ્રસ્ટ એકટ દાખલ કરવામાં આવ્યો તે સામે જનતાનો વિરોધ ચાલુ જ હતો. ગોધરા જિનાલયની પાંચ લાખની મિલ્કતના ટ્રસ્ટી શ્રી રતિલાલ પાનાચંદે મુંબઇખાતે આ એકટ સામે દાવો દાખલ કર્યો, અને મુંબઇ કોર્ટે તે દાવો રદ કર્યો. ત્યારબાદ દીલ્હીખાતે તેની અપીલ નોંધાવવામાં આવેલ જેમાં ૧૮–૩–૫૪ ના જસ્ટીસ મુખરજીએ ચુકાદો આપતા જણાવ્યું છે કે "હવેથી હાઇકોર્ટ ચેરિટી કમીશ્નરની કોઇ પણ પબ્લીક ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે નિમણૂક ન જ કરી શકે" તથા "જે જાહેર ટ્રસ્ટ તે કામમાં નાણાં ખરચવા માટે કરવામાં આવ્યું હોય તે કામ સિવાય બીજા કોઇ કામમાં નાણાં ખરચવાનું ચેરીટી કમીશ્નરની ભલામણથી હાઇકોર્ટ હવેથી નહિ ફરમાવી શકે." આ રીતે લાભકારક ચુકાદો આવ્યો છે. પૂ. ધર્મસાગર ગણિવર્ય આદિનો આ બાબતનો પ્રયાસ પ્રશંસનીય ગણાય.

## એકીકરણની ભાવના—

ગત આસો માસમાં અત્રે સૌરાષ્ટ્ર લેખક સંમેલન મળ્યું તે અરસામાં જ, પોતાની સાહિત્યસેવા બદલ શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા તરફથી સુવર્ણ ચંદ્રક અર્પણ કરવાનો એક મેળાવડો શ્રીયુત પરમાણંદદાસ કુંવરજી કાપડિયાના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો. જૈન સાહિત્યપરિષદના જેવું આંદોલન આ સમયે ઉપસ્થિત થયું હતું. આ અરસામાં પં. બેચરદાસ અને આ પ્રસંગે આવેલ મહેમાનોનું સન્માન કરવા માટે અત્રેની શ્રી જૈનધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા અને શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાના સંયુક્ત ઉપક્રમે આપણી સભાના શેઠ ભોગીલાલ મગનલાલ લેકચર હૉલમાં સત્કાર–સમારંભ શ્રીયુત્ પરમાણંદભાઇના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો ત્યારે સાહિત્યના વિકાસ અંગે કેટલીક ચર્ચા કરવા બાદ સાહિત્યના ક્ષેત્રમાં કાર્ય કરી રહેલ સ્થાનિક ત્રણે સંસ્થાઓના એકીકરણની ચર્ચા કરવામાં આવી હતી. અને એકીકરણના આ વિચારોને અપનાવી લેતાં સભાના મંત્રી શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસે ભાવભીનું વક્તવ્ય રજૂ કર્યું હતું અને યોજનાને મૂર્ત સ્વરૂપ મળે તે માટે સૌએ પોતાની શુભેચ્છા વ્યક્ત કરી હતી.

ધાર્મિક શિક્ષણનો સુવ્યવસ્થિત પ્રચાર કરવા તથા એક સરખો અભ્યાસક્રમ યોજવાની વિચારણા કરવા માટે મુંબઇખાતે ધાર્મિક શિક્ષણમાં રસ ધરાવનારાઓનું એક સંમેલન મળી ગયું. અને એક સરખો ધાર્મિક અભ્યાસક્રમ યોજવા માટે આ સંમેલને એક સમિતિ નિયુક્ત કરી છે.

આગામી ઓગષ્ટ માસમાં ઇંગ્લાન્ડ કેમ્બ્રીજખાતે પ્રાચ્યવિદ્યાવિશારદોની આંતરરાષ્ટ્રિય કોન્ફરન્સ મળે છે તેમાં ભાગ લેવા માટે મધ્ય પ્રદેશના યવતમાલ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુકામે ચાલતી જૈન રીસર્ચ ઇન્સ્ટીટ્યુટના પ્રતિનિધિને આમંત્રણ આપવામાં આવેલ છે.

આમ અનેકવિધ શુભ પ્રવૃત્તિઓના આંદોલન વચ્ચે આપણું ગત વરસ પસાર થયું છે. તેમ નોંધપાત્ર થોડા દુઃખદ બનાવો પણ બની ગયા તે પણ આપણે યાદ કરવા ઘટે. રાજસ્થાનમાં મુંડારા, નાડોલ, આદિ ઘણા સ્થળોએ ધાડ પાડવાના ત્રાસજનક બનાવો બની ગયા, અને તેમાં મુખ્યત્વે આપણી ધાર્મિક મિલકત અને જૈન શ્રીમંતોને ખૂબ શોષવું પડયું છે. આ ત્રાસજનક વાતાવરણ દૂર કરવા માટે રાજસ્થાનના સૂત્રધારોનું ધ્યાન ખેંચવામાં આવેલ છે. એમ છતાં હજુ જનતા ભયમુક્ત બની શકેલ નથી. કેસરીયાજીના ભંડારમાંથી મોટી રકમની ચોરી થવાની અને મોટી રકમ અન્ય પ્રવૃત્તિઓમાં ધીરવામાં આવ્યાની ફરિયાદ તેમજ જૈનોની સત્તા નાબૂદ કરવાની હિલચાલ હજુ ચાલુ છે તે દૂર કરવાની જરૂર છે.

આ વરસે આપણે કેટલાક નરરત્નો પણ ગુમાવ્યા, તેમાં સૌ પ્રથમ નામ આવે છે ડૉ. હર્બટ વોરનનું. સં. ૧૮૯૨ માં ચીકાગોખાતે મળેલ સર્વ ધર્મ પરિષદમાં જૈન પ્રતિનિધિ તરીકે વીરચંદ રાઘવજીને મોકલવામાં આવ્યા ત્યારે તેમના ભાષણોની અસર ડૉ. હર્બટ વોરન પર પડી હતી. અને ત્યારથી તેઓશ્રીએ છેવટ સુધી જૈન ધર્મના આચાર પાળી ભાવનાશીલ જીવન જીવી રહ્યા હતા. આ માટે આપણે તેમને જૈન-નરરત્ન તરીકે જ સંબોધીએ છીએ. લન્ડનમાં જૈન સાહિત્ય મંડળની સ્થાપના કરી, "જૈન ધર્મ" "જૈન ધર્મનું અસ્તિત્વ" વગેરે ગ્રંથો લખી જૈન દર્શનના પ્રચાર માટે જે અવિરત સેવા તેઓશ્રીએ બજાવી છે તે સદાને માટે અમર રહેશે...ઉત્તર ભારતના નામાંકિત નાગરિક અને ગુજરાનવાળા જૈન ગુરુકુળના પ્રથમ અધિષ્ઠાતા બાબુ કીર્તિપ્રસાદ જૈનની પડેલ ખોટ પણ કદી પુરાય તેમ નથી, ૧૮૦ ઉપવાસની આકરી તપશ્ચર્યા શરૂ કરી ૧૩૫ મા ઉપવાસે ભા. વ. ૧૩ ના પોતાનો દેહ છોડનાર, તપસ્વી જવલબેન અને કેળવણીપ્રેમી માણેકલાલ ચીમનલાલ શેઠના તા. ૨૩-૧૦-૫૩ ના અને શ્રી શંકરલાલ ડી. કાપડિયા તા. ૨૭-૪-૫૪ ના, જૈન ઇતિહાસના અભ્યાસી વડોદરાનિવાસી ડૉ. ત્રિભોવનદાસ લહેરચંદના, ભાવનગર કૃષ્ણનગરમાં મહાવીર જિનપ્રાસાદ બંધાવી તેની પ્રતિષ્ઠા કરાવવા બાદ તરત અવસાન પામેલ શ્રેષ્ઠિવર્ય શ્રી મણિલાલ નારણજી તથા ગોહિલવાડ વિભાગના એન્જીનીઅર સાહેબ શ્રી શાન્તિલાલ ગંભીરદાસ મહેતા, આ સભાના આજીવન સભ્ય શ્રીયુત ચુનીલાલ દુર્લભજી પારેખ આદિના થયેલ દુઃખદ અવસાનની નોંધ લેતા અમો સદ્દગત આત્માઓની શાન્તિ ઇચ્છીએ છીએ.

## લેખદર્શન

ગયા વરસમાં પદ્ય વિભાગના ૪૧ અને ગદ્ય વિભાગના ૪૨ મળી કુલ ૮૩ લેખો આપવામાં આવ્યા છે. પદ્ય વિભાગની સામગ્રી મુખ્યત્વે આચાર્ય વિજયલબ્ધિસૂરીશ્વરજી, પં. શ્રી રામવિજયજી ગણિવર્ય, મુનિ શ્રી દક્ષવિજયજી, ડૉ. વલ્લભદાસ નેણશી, સા. પ્રેમી મુનિ વિનયવિજયજી, મુનિ લક્ષ્મીસાગરજી, શ્રી અમરચંદ માવજી શાહ, મુનિ જિતેન્દ્રવિજયજી, સંઘવી ભવાનભાઇ પ્રાગજી, અને અનેકાન્તના નિબંધનું ભાષાન્તર કરનાર પ્રો. જયન્તીલાલ ભા. દવે એ આ રસથાળ પીરસ્યો છે. અને રસથાળમાં સ્તવનો, ચોવીશી ઉપરના વિવેચનો, છંદો અને સમયોચિત બોધ ગીતો છે. જ્યારે ગદ્ય વિભાગની રસસામગ્રી ખાસ કરીને મુનિ શ્રી મહાપ્રભાવિજયજી, પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડીઆ, પં. કનકવિજયજી ગણિવર્ય, પ્રાણજીવનદાસ હરગોવિંદ ગાંધી, સંઘવી ભવાનભાઈ પ્રાગજી, શ્રી અમરચંદ માવજી શાહ, મુનિ શ્રી પુણ્યવિજયજી, સ્વ. મૌક્તિક આદિએ પીરસી છે. સારોય રસથાળ અવલોકતાં તેમાં સાહિત્યના વિવેચનો છે, શાસ્ત્રીય વિવેચનો છે, નૈતિક બોધપાઠો છે, તેમજ ધર્મકૌશલ્ય અને ઉન્નતિપ્રેરક સૂચનો પણ છે.

વધુમાં દરેક અંકના છેડે વર્તમાન સમાચાર તેમજ વરસ દરમિયાન સભાને અવલોકન માટે પ્રાપ્ત થયેલ સાહિત્યની સમાલોચના રજૂ કરવામાં આવે છે.

આમ વાચકોને દરેક પ્રકારની સામગ્રી આમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળી રહે છે. રસથાળ પૂરા પાડનાર લેખકોનો આભાર માની સૌને વિનવીએ કે નવા વરસમાં વધુ ઉત્તમ સાહિત્ય સૌ પીરસતા રહે.

આ તકે એક વાત કહેવી જોઇએ કે માસિકની રસ સામગ્રીની રસ-જમાવટ માટે હજુ વધુ પ્રયાસ કરવાની જરૂર છે, અમુક જ ઢબનું સાહિત્ય પીરસવામાં આવે છે તેના બદલે જૈન તત્વજ્ઞાન, જૈન કથા, ઇતિહાસ, પુરાતત્વ, તીર્થો, સાહિત્ય અને સમાજશાસ્ત્રના વિવિધ પ્રશ્નોની છણાવટ કરતું જુદી જુદી રસવૃત્તિને પોષાતું સાહિત્ય વધારવાની ખાસ જરૂર છે.

નવવિધાનના આ યુગમાં આપણો સમાજ રાષ્ટ્રની સાથે સાથે ઊભો રહે તે માટે જૈનોના રાષ્ટ્ર-વિકાસ અને સામાજિક ઉત્થાન માટે પણ અવાર-નવાર ઉપયોગી સાહિત્ય પીરસતા રહેવાની જરૂર છે.

આ સામગ્રી પૂરી પાડવા લેખકોને અમો સાદર વિનવીએ છીએ. અને આશા રાખીએ છીએ કે માસિકને સર્વાંગસુંદર સાહિત્ય-સામગ્રીથી ભરપૂર કરવાનું તેઓ નહીં ભૂલે.

પરમકૃપાળુ ગુરુદેવની કૃપાથી આ સભા ૫૭ વરસ વીતાવી ૫૮ મા વરસમાં પ્રવેશ કરી ચૂકી છે. અને સાહિત્ય પ્રકાશન, પેટ્રન, આજીવન સભ્યો અને સભાસદોથી સભા દિવસાનુદિવસ બળવત્તર થતી આવે છે. સં. ૨૦૦૯ ની આખરે ૬૪ પેટ્રનો, ૫૪૧ પ્રથમ વર્ગના આજીવન સભ્યો અને ૧૦૮+૬=૧૧૪ બીજા ત્રીજા વર્ગના આજીવન સભ્યો મળી કુલ ૭૩૨ સભાસદો છે.

સભાની સાહિત્ય વિષયક પ્રવૃત્તિનો થોડો નિર્દેશ ઉપરના સિંહાવલોકનમાં આપેલ છે. તે મુજબ બૃહત્ કલ્પસૂત્રનો છઠ્ઠો (છેલ્લો) ભાગ પ્રકટ થઇ ગયો છે, નયચક્રસારનો નવો ભાગ પ્રકટ થવાની તૈયારીમાં છે. જ્યારે આ ઉપરાંત સ્વ. શેઠ શાન્તિલાલ ખેતસી તથા રા. બા. શેઠ જીવતલાલ પ્રતાપશીની ઉદાર સહાયથી સસ્તું સાહિત્ય પ્રકાશન ખાતું આ સભા હસ્તક ચાલે છે. તેમાં હરિસત્ય ભટ્ટાચાર્યે લખેલ 'અનેકાન્તવાદ'-નો નિબંધ ઇંગ્લીશ ભાષામાં આ વરસે પ્રગટ કરવામાં આવ્યો છે. આ નિબંધ તદ્ વિષયક અભ્યાસકો માટે યુનિવર્સિટીએ મંજૂર કર્યો છે. તેમ જ જૈન સાહિત્યના પિપાસુ વિદેશી તથા દેશના વિદ્વાનોએ માટે પણ આવકારદાયક નિવડ્યો છે.

આ સિવાય પેટ્રનો આદિને સં. ૨૦૧૦ ના ભેટ પુસ્તકો તરીકે આપવા માટે કથારત્ન કોષ ભા. ૨ જે તૈયાર થઈ રહેલ છે તેમજ મહારાષ્ટ્ર-કર્ણાટકમાં વિચરી જૈન શાસનની પ્રભાવના કરી રહેલ દક્ષિણદીપક આચાર્ય વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન કવિકુલતિલક મુનિશ્રી કીર્તિવિજયજી મહારાજે જૈન-ધર્મનું સામાન્ય જ્ઞાન આપતી 'આર્હતધર્મપ્રકાશ' નામની પુસ્તિકા તૈયાર કરી જેનો તામીલ, હિન્દી, ઇંગ્લીશ અને ગુજરાતી ભાષામાં બહોળા હાથે પ્રચાર કરવામાં આવ્યો છે તે પુસ્તિકા પેટ્રનાદિ સભાસદો તથા માસિકના ગ્રાહકોને ભેટ આપવા માટે સભાને લેખકના સદ્ભાવથી મળેલ છે તે પણ આપવામાં આવશે. આ ઉપરાંત સુમતિનાથ ચરિત્રનું મુદ્રણકામ અધૂરું છે, જે માટે દાતાનો યોગ થતાં તે પણ તરત પ્રગટ કરવામાં આવશે. તેમ જ સચિત્ર કલ્પસૂત્ર, મલ્લિનાથ ચરિત્ર અને એવા પૂર્વાચાર્યકૃત ચરિત્રો પ્રગટ કરવાની યોજના પણ સભા વિચારી રહેલ છે. દાતાઓના સહકાર ઉપર આ પ્રકાશનોની આશા નિર્ભર રહે છે.

લોકરુચીને ઓળખી યોગ્ય સાહિત્ય, નાની નાની પુસ્તિકાઓના આકારમાં પ્રગટ કરવાની અને તેનો બહોળો પ્રચાર કરવાની ભાવના પણ સભાના દિલમાં છે. પરમકૃપાળુ ગુરુદેવની કૃપાથી સાહિત્યસેવાની તમામ આશાઓ સફળ થાઓ એમ આપણે પ્રાર્થીએ.

આ ઉપરાંત સ્વ. આચાર્ય વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ, જેઓશ્રીના તત્ત્વભર્યા લેખો આ માસિકમાં અવારનવાર પ્રગટ થતા હતા, અને જ્ઞાનપ્રદીપના ત્રણ ભાગમાં જે તમામ લેખો પ્રગટ થયા છે. તે તમામ લેખો-કાવ્યોનો સળંગ સંગ્રહ પાલનપુર જૈન સંઘ તરફથી મળેલ આર્થિક સહાયવડે આ સભા હસ્તક તૈયાર થઇ રહ્યો છે. તાત્ત્વિક વાચનના જિજ્ઞાસુઓને આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દળદાર ગ્રંથ ઉપયોગી સામગ્રી પૂરી પાડશે, પાલનપુર સંઘ તરફથી આ સાહિત્ય પ્રવૃત્તિનું સંચાલન કરી રહેલ જ્ઞાનોપાસક શ્રીયુત જયન્તીલાલભાઇ તથા શ્રીયુત કાન્તિલાલ બક્ષીનો અમો સભા તરફથી આ તકે આભાર માનીએ છીએ અને સ્વ. આચાર્યની પુણ્ય સ્મૃતિરૂપે આ રીતના સાહિત્ય પ્રકાશનથી જે સેવા-કાર્ય શરૂ કરવામાં આવેલ છે તે જ્ઞાનજ્યોત સદા જ્વલંત રહે અને આ મહાપુરુષને શોભે એવા સાહિત્યનું પ્રકાશન અવારનવાર થતું રહે તેમ આ તકે ઇચ્છીએ છીએ.

આમ સાહિત્ય અને શિક્ષણ વિષયક સભાની પ્રવૃત્તિ બરાબર ચાલી રહેલ છે. સભાના ગૌરવભર્યા સંસ્કૃત પ્રકાશનો માટે અમે આ તકે આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ, કે જેઓશ્રી આ સભા તરફ નિરંતર ભાવભીનો સદ્‌ભાવ રાખી રહ્યા છે અને સંસ્કૃત સાહિત્ય પ્રકાશનમાં સંશોધન વગેરેમાં અવિશ્રાન્ત ભોગ આપી રહ્યા છે, તેઓશ્રીનો આભાર માનવા વિના રહી શકતા નથી; તેમજ એટલા જ પ્રેમ અને આદરથી સભાના સાહિત્ય-સર્જનમાં અવિશ્રાન્ત ભોગ આપી રહેલ વિદ્વાન્ મુનિવર્ય શ્રી જંબુવિજયજી મહારાજનો સભા માટેનો સદ્‌ભાવ પણ કદી ભૂલાય તેવો નથી. વાસ્તવિક રીતે તો સભા જે યત્‌કિંચિત્ સાહિત્યસેવા કરી શકેલ છે અને દેશ-વિદેશના વિદ્વાનોએ જેનો મુક્તભાવે આદર કરી સભાને યશસ્વી બનાવી છે તે સભાના સાચા ભાગીદાર આ મહાત્માઓ જ છે. તેઓશ્રીની પ્રેરણાથી સભા વધુ ને વધુ સાહિત્યસેવા કરવા ભાગ્યશાળી થાય તેવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે આ તકે અમે પ્રાર્થના કરીએ છીએ.

આ છે સભાના કાર્યપ્રદેશની રૂપરેખા, અને એ તો સભાના ગતવરસના કાર્યનું આખું રેખાચિત્ર છે, પરંતુ સભાને હજુ ઘણું કરવાનું છે. તેના મનોરથો ઘણા વિશાળ છે, સાહિત્યના ક્ષેત્રે હજી બાકી રહેલ તીર્થંકર ભગવાનના ચરિત્રો તૈયાર કરી, ચોવીશ ભવ્ય ચરિત્રોનો ગુચ્છ તૈયાર કરવાનો છે. આગમ-સાહિત્યના પ્રકાશનની જે પ્રવૃત્તિ આજે ચાલી રહેલ છે, તેમાં બનતો સાથ આપવાની સભાની ભાવના છે. નયચક્રસારના સંપૂર્ણ ભાગો પ્રગટ કરી એવા જ મહામૂલા સંસ્કૃત ગ્રંથો પ્રગટ કરવાની ઉમેદ છે અને આમજનતાને રસ પડે, તેઓ ધાર્મિક સંસ્કારો માટે પ્રેરાય, એવું સરળ તાત્ત્વિક સાહિત્ય નાની નાની પુસ્તિકામાં તૈયાર કરી તેનો બહોળો પ્રચાર કરવાની તીવ્ર ભાવના છે અને પચાસ વરસ વીતાવી સભા આજે વનમાં પ્રવેશી ચૂકી છે એટલે તેનો સુવર્ણ-મહોત્સવ પણ ઉજવવાનો બાકી છે. એક મહોત્સવ નવી આશા, નવી પ્રેરણા અને નવું જીવન આપી જાય છે તેમ આ સુવર્ણ મહોત્સવમાંથી ઉદ્‌ભવતી નવી કર્તવ્ય-દિશાના પંથે પણ સભાને વિચરવાનું છે. આમ અનેકવિધ આશાઓ વચ્ચે માસિક નવા વરસમાં પ્રવેશ કરે છે. ભગવાન મહા-વીરસ્વામીએ ગૌતમસ્વામીને કહ્યું હતું તેમ એક ક્ષણનો પણ પ્રમાદ કરવા સિવાય અપ્રમત્તભાવે આપણે નવા વરસમાં પ્રવેશીએ અને પૂજ્ય ઉમાસ્વાતિજી કહે છે તેમઃ—

**भवकोटिभिरसुलभं मानुष्यं प्राप्य कः प्रमादो मो।**
**न च गतमायुर्भूयः प्रत्येत्यपि देवराजस्य ॥**

કોટી કોટી જન્મ ધારણ કરવા પછી પણ મનુષ્ય ભવ પ્રાપ્ત કરવો અતિ દુર્લભ છે તો તે મનુષ્ય ભવ પામીને આ શો પ્રમાદ છે? કેમ કે દેવરાજ એટલે ઇન્દ્રને પણ ગયેલું આયુષ્ય ફરી મળનાર નથી.

માટે માનવ જીવનની મહત્તા સમજી આત્મ-વિકાસના પંથે પડો અને આત્માનંદથી આત્માનો પૂર્ણ પ્રકાશ પ્રાપ્ત કરો એ જ મહેચ્છા,

**सर्वत्र सुखिनः भवंतु लोकाः ॥**

હરિલાલ દેવચંદ શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નમિસાધુનો કોયડો

લેખકઃ
પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ.

કાવ્યશાસ્ત્રના અભ્યાસીને રુદ્રટે રચેલા **કાવ્યાલંકારનો** પરિચય કરાવવાનો હોય નહિ. આ અજૈન **રુદ્રટનો** સમય ઇ. સ. ૮૦૦ થી ૮૫૦ ના ગાળાનો છે એમ કેટલાક વિદ્વાનોનું કહેવું છે. એમના **કાવ્યાલંકાર** ઉપર **નમિસાધુ** નામના જૈન મુનિવરે વિ. સં. ૧૧૨૫ માં ટિપ્પણ રચ્યું છે.

**કાવ્યાલંકારનો** પાંચમો અધ્યાય ' ચિત્ર ' અલંકારનું વિસ્તૃત વર્ણન પૂરું પાડે છે. એમાં આકારચિત્ર પૈકી ' પદ્મ 'ને અંગે નીચે મુજબનું ઉદાહરણ છેઃ-

**या पात्य पायपतितानवतारिताया**
**यातारिताऽवपति वाग् भुवनानि माया ।**
**यामंनिना वपतु वो वसु सा स्वगेया**
**यागे स्वसाऽसुररिपोर्जयपाऽत्यपाया ॥ २१ ॥**

આ ૨૧ મું પદ્ય આઠ પાંખડીના કમળ તરીકે ગોઠવી શકાય તેમ છે એમ નમિસાધુએ પોતાના ટિપ્પણ( પૃ. ૫૬ )માં જે નીચે મુજબનો નિર્દેશ કર્યો છે, એ ઉપરથી જાણી શકાય છેઃ—

**इदमष्टदलं पद्ममिति पूर्वे भणन्ति तन्न सम्यग् बुध्यते । चतुर्दलं तु बुध्यते ।**

આમ **નમિસાધુના** કથન મુજબ એમના કોઈ પુરોગામીના મતે આ **પદ્ય** આઠ પાંખડીના કમળના આકારે યોજી શકાય એમ છે તો એ પુરોગામી તે કોણ તે જાણવું બાકી રહે છે. **નમિસાધુ** કહે છે કે આ પદ્ય આઠ પાંખડીના કમળરૂપે તો કેવી રીતે દર્શાવાય તે બરાબર સમજાતું નથી એટલે એમને મતે આ એક કોયડો છે. એનો ઉકેલ સૂચવી નહિ શકાવાથી એઓ તો આ પદ્યને ચાર પાંખડીવાળા કમળના ઉદાહરણરૂપ ગણે છે. અને એના ન્યાસની–એ રચવાની રીતિ દર્શાવે છે, એમણે નીચે મુજબ દર્શાવેલી રીતિ પ્રમાણે ચાર પાંખડીનું કમળ મેં દોરી જોયું છે અને એ વાત યથાર્થ છેઃ—

' યા ' શબ્દ અહીં કર્ણિકા તરીકે છે અને એની આઠ વાર આવૃત્તિ કરવાની છે. પાંખડીઓ બાર બાર અક્ષરની છે. તેમાં પાસે પાસે રહેલા ચચ્ચાર વર્ણો પાંખડીઓની સંધિમાં–જોડાણમાં આવેલા હોવાથી એની બે વાર આવૃત્તિ કરવાની છે.

આ પ્રમાણે જો કે ઉપર્યુક્ત પદ્ય ચતુર્દલ–કમલ તરીકે રજૂ થઈ શકે છે તેમ છતાં અષ્ટ–દલ–કમલ તરીકે પણ એ ગોઠવી શકાય કે કેમ એ બાબત ત્રણ રીતે વિચારી શકાય તેમ છેઃ

( ૧ ) નમિસાધુની પૂર્વે કોઇએ **કાવ્યાલંકાર** ઉપર ટીકા રચી હોય અને એની સચિત્ર હાથપોથી કે મુદ્રિત પ્રતિ મળતી હોય તો તે જોવી ઘટે.

( ૨ ) એમ પણ તપાસ થવી ઘટે કે કાવ્યશાસ્ત્રની અન્ય કોઈ પણ કૃતિમાં ઉપર્યુક્ત પદ્યના બંધ તરીકે અષ્ટ–દલ–કમલનો ઉલ્લેખ છે કે કેમ ?

( ૩ ) અષ્ટ–દલ–કમલ બંધના ઉદાહરણો એકત્રિત કરવાં જોઇએ.

પહેલી બે બાબત હું અત્યારે હાથ ધરી શકું તેમ નથી. વિશેષમાં ત્રીજી બાબતની પણ પૂરેપૂરી તપાસ તો થઈ શકે તેમ નથી તેમ છતાં એ દિશામાં પ્રયાસ કરતાં જે કંઇ જાણવા મળ્યું છે તે હું અહીં નોંધું છું.

' ભોજદેવે **સરસ્વતીકંઠાભરણ** રચ્યું છે. એણે ઇ. સ. ૧૦૧૦ થી ૧૦૫૫ સુધી રાજ્ય કર્યું છે. એના આ પુસ્તકમાં પાંચ પરિચ્છેદો છે. એ પૈકી પહેલા ત્રણ ઉપર રાજા **રામસિંહના** કહેવાથી રત્નેશ્વરે **રત્નદર્પણ** નામની વૃત્તિ રચી છે અને ચોથા પરિચ્છેદ ઉપર જગદ્ધરે વૃત્તિ રચી છે. આ બંને વૃત્તિ સહિત મૂળ કૃતિ સચિત્ર સ્વરૂપે નિર્ણયસાગર મુદ્રણાલય તરફથી પ્રકાશિત થયેલી છે. એની બીજી આવૃત્તિ ઇ. સ. ૧૯૩૪માં પ્રસિદ્ધ કરાઈ છે એમાં રત્નેશ્વરને બદલે રામસિંહનો વૃત્તિકાર તરીકે મુખપૃષ્ઠ વગેરેમાં ઉલ્લેખ છે તે ભ્રાન્ત છે.

**સરસ્વતીકંઠાભરણ**( પરિ. ૨ )માં ચાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારના અષ્ટ-દલ-કમલને અંગે એકેક ઉદાહરણ આપી એની રચનાની રીતિ દર્શાવાઇ છે.

એ ઉદાહરણરૂપ પદ્યો નીચે મુજબ છે:—

याऽऽश्रिता पावनतया यातनच्छिदनीचया।
याचनीयाधिया मायायामाया संस्तुता श्रिया॥२८४

वरस्फारवरक्षार ! वरकार ! गरत्वर।
चलस्फाल ! वलक्षालवल ! कालगल ! ज्वल ॥२८६

न शशीननवे भावे नमत्काम ! नतव्रत !
नमामि माननमनं ननु त्वाऽनुनयन्नयम् ॥२८८॥

रातावद्यादिराज्या विसरररसविद् व्याजवाक् क्षमाऽपकारा।
राका पक्ष्माभशोषा नयनननयनस्वा(सा) स्वया स्तव्यमारा।
रामा व्यस्तस्थिरत्वा तुहिननननहितुः श्रीः करक्षारधारा।
राधा रक्षास्तु मह्यं शिवममवशिव्यालविद्याव-तारा ॥ २९४ ॥

આ પ્રત્યેકની રચનાને અંગે નીચે પ્રમાણે એકેક પદ્ય છે.

कर्णिकायां न्यसेदेकं द्वे द्वे दिक्षु विदिक्षु च।
प्रवेशनिर्गमौ दिक्षु कुर्यादष्टदलाम्बुजे ॥ २८५॥

अष्टधा कर्णिकावर्णः पत्रेष्वष्टौ तथाऽपरे।
तेषां सन्धिषु चाप्यष्टावष्टपत्रसरोरुहे ॥ २८७ ॥

प्राक् कर्णिकां पुनः पर्णं पर्णाग्रं पर्णकर्णिके।
प्रतिपर्णं व्रजेद् धीमानिह त्वष्टदलाम्बुजे ॥२८९॥

निविष्टादलन्यासमिदं पादार्धभक्तिभिः।
अस्पृष्टकर्णिकं कोणैः कविनामाङ्कमम्बुजम्॥२९५॥

આ ચાર પદ્યોનો સારાંશ હું આપું છું:—

(૧) આઠ પાંખડીના કમળ માટે કર્ણિકામાં એક વર્ણ અને ચાર દિશા અને ચાર વિદિશાની એકેક પાંખડીમાં બબ્બે વર્ણ રાખવા. વિશેષમાં ચારે દિશાને આશ્રીને પ્રવેશ અને નિર્ગમ એ બેનો વિચાર કરવો અર્થાત્ એમાંના વર્ણોની આવૃત્તિ ગણવી.

(૨) કર્ણિકાનો વર્ણ આઠ વાર યોજવો. આઠે પાંખડીમાં એકેક વર્ણની અને એ પાંખડીઓ પૈકી બબ્બેની સંધિમાં એકેક વર્ણની—એકંદર આઠની એ પાંખડીઓના એકેક વર્ણ સાથે—યોજના કરવી.

(૩) પહેલો વર્ણ કર્ણિકામાં મૂકવો. પછી એક વર્ણ પાંખડીમાં અને એક વર્ણ એ પાંખડીના અગ્ર ભાગમાં મૂકવો. પછી એ પાંખડીના અગ્ર ભાગથી કર્ણિકા સુધીના એ ત્રણ ત્રણ વર્ણો ફરીથી ગણી લેવા. આ પ્રમાણે પહેલાં કર્ણિકા, પછી પાંખડી, પછી પાંખડીનો અગ્ર ભાગ, ત્યાર બાદ ફરીથી પાંખડી અને છેવટે કર્ણિકા એ રીતે બાકીની સાત પાંખડીઓના સંબંધમાં યોજના કરવી.

(૪) પદાર્થો પૈકી એકેક વડે એકેક પાંખડીની રચના સમજવી. અને એ કર્ણિકાને ન સ્પર્શે તે જોવું.

આઠ ખૂણા ઉપરના આઠ અક્ષરોથી કવિનું નામ ઉદ્ભવે છે. એ નામ "રાજશેખરકમલ" છે.

કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિએ કાવ્યાનુશાસન અને અલંકારચૂડામણિને અંગે વિવેકની રચના કરી છે. અ. ૫. સૂ. ૪ ને અંગેના એ વિવેક (પૃ. ૩૨૧)માં એમણે આઠ પાંખડીના કમળ માટે કોઇક કૃતિમાંથી નિમ્નલિખિત પદ્ય આપ્યું છે:—

"भासते प्रतिभासार ! रसाभाताहतविभा।
भावितात्मा शुभा वादे देवाभा बत ते सभा॥"

આ જ પદ્ય મમ્મટે કાવ્યપ્રકાશ (ઉ. ૯, શ્લો. ૮૫)ની સ્વોપજ્ઞ વૃત્તિમાં ઉદ્ધૃત કર્યું છે. આ પદ્યની રચના "**याऽऽश्रिता पावनतया**"ના જેવી છે. એટલે એનાથી પણ કોયડાનો ઉકેલ આવતો નથી.

**અલંકારમહોદધિ** (તરંગ, શ્લો. ૨૧)ની સ્વોપજ્ઞ વૃત્તિ(પૃ. ૨૨૦)માં નરેન્દ્રપ્રભે **याऽऽश्रिता** વાળું ઉપર્યુક્ત પદ્ય ઉદ્ધૃત કર્યું છે અને એમાં અંતમાં **स्तुता** ને બદલે **श्रिता** પાઠ છે એટલે આની રચના પણ કામ લાગે તેમ નથી.

દિગંબર અજિતસેને **અલંકારચિન્તામણિના** પ્રથમ પરિચ્છેદમાં નીચે મુજબનું જે ૮૧મું પદ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ્યું છે તે આઠ પાંખડીના વિપરીત કમળ તરીકે રજૂ થઇ શકે તેમ છેઃ—

**इलापाला सुलातीला कलामालाकुलामिलाम्**

આમાં 'લા' એ કર્ણિકા છે, અને 'ઇ,' 'પા' વગેરે એકેક પાંખડીમાં છે, 'પાંખડી'થી કમળ તરફ જવાય છે એટલે આ વિપરીત કમળ છે. આવું એક ઉદાહરણ જિનસૂરરચિત **પ્રિયંકર નૃપ કથા** (પૃ. ૯૨)માં જોવાય છે. ત્યાં એ પદ્ય અશુદ્ધ છપાયું છે એટલે એ સુધારીને હું રજૂ કરું છું.

**श्रीमत्लभ। विवेकाभ! शातकुम्भ लसत्प्रभ!।**
**राजादेभ जयादम्भ! गुणकुम्भ। रुचानिभः॥२७४**

આમાં આઠ પાંખડીના ટોચના વર્ણ ભેગા કરવાથી "**श्रीविशालराजगुरु**" એમ બને છે. આવી નામવાળી કે અન્ય પ્રકારની કોઇ વિશિષ્ટતા **અજિયસંતિથયની** ચોત્રીસમી ગાથામાં નથી, તેમ છતાં એને કેટલાક આઠ પાંખડીના કમળનું ઉદાહરણ ગણે છે.

જિનવલ્લભસૂરિએ **પ્રશ્નશત** યાને **પ્રશ્નૈકષષ્ટિશત** રચ્યું છે. એના ૨૦મા પદ્યના ઉત્તરો વિપરીત અષ્ટ-દલ-કમળ તરીકે ગોઠવી શકાય છે, જ્યારે એના ૧૪મા પદ્યનો ઉત્તરો આઠ પાંખડીનું સીધું કમળ રજૂ કરે છે, એ ઉત્તર નીચે મુજબ છેઃ—

**आस्ना, अता, अखी, अर्म, अग, अले** અને **अप्सु** છે.

અહીં આ એ કર્ણિકા તરીકે છે અને બાકીના વર્ણો આઠ પાંખડીમાં છે.

આમ બીજાં પણ કેટલાંક ઉદાહરણ છે, પણ એની રચનાનો પ્રકાર કોઇ નવીન નથી કે ઉકેલમાં સહાયક બને એટલે એ હું આપતો નથી.

---

આ ક્રાંતિનો સંધિકાળ છે, આદર્શો ઘડાય છે. જૂનું ઘણું તોડવાનું છે. એની સાથે કેટલુંક સાચવવાનું છે. તેજસ્વી ભવિષ્યકાળની ઝાંખી કરી તે સિદ્ધ કરવા માટે અવિરત પુરુષાર્થ કરવાનો છે. ઝટ થાકી જાય કે કંટાળી જાય, અશ્રદ્ધાળુ બને કે નિરાશ થાય એવા અલ્પવીર્યોનું એ કામ નથી. આખો સમાજ આશાનિરાશાનાં આંદોલનમાં સપડાયો છે. આવા વખતે જેનાથી થાય તેણે દૃઢતા કેળવી બતાવવી જોઇએ. દૃઢતા એ ચેપી વસ્તુ છે. એટલે યુવાનોએ સહેલી મીમાંસા અને સહેલા રસ્તાઓ જ નહિ શોધતાં સાચા રસ્તા અને આકરા ઇલાજો પણ અજમાવવા જોઇએ. જે રૂઢિનાં બંધનો તોડે તેનું જીવન આર્યત્વને છાજે એવું આદરણીય હોવું જોઇએ. અજ્ઞાન, આળસ અને વિલાસપ્રિયતા એ ત્રણ પાયા ઉપર સામાજિક સડો ઊભો છે, આ ત્રણે પગ તોડવા જોઇએ.

જીવન અને સંસ્કૃતિ પૃ. ૧૮૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવપદજીના પ્રાચીન ચૈત્યવંદનો

વિવેચનકાર પં. મ. શ્રી રામવિજયજી ગણિવર્ય

નવપદજી પર મુનિ શ્રી હીરધર્મ મુનિએ ગૂઢ ચૈત્યવંદનો લખેલ છે, તેમાંનું એક અત્રે રજૂ કરવામાં આવે છે. મુનિશ્રીનો સમય કયો છે અને કયા સમયે આ ચૈત્યવંદનો લખાયા છે તે હકીકત મળી શકેલ નથી. પરંતુ ચૈત્યવંદનો નાના હોવા છતાં તેમાં સંખ્યાની જે ગૂઢતા સમાએલ છે તે વસ્તુ પર વધુ પ્રકાશ હવે પછીના ચૈત્યવંદનોમાં આવશે. આચાર્ય વિજયામૃતસૂરીશ્વરજીના વિદ્વાન શિષ્ય પં. શ્રી રામવિજયજી ગણિવર્યે આ ચૈત્યવંદન ઉપર જે પ્રકાશ પાડ્યો છે તેમાંથી તેની ગૂઢતાનો ખ્યાલ આવી રહેશે.

## પ્રથમ શ્રી અરિહંત પદનું ચૈત્યવંદન-મૂલ તથા વિવેચન સાથે

જય જય શ્રી અરિહંત ભાનુ,
ભવિકમલ વિકાશી;
લોકાલોક અરૂપી રૂપી,
સમસ્ત વસ્તુ પ્રકાશી. ( ૧ )
સમુદ્દ્ઘાત શુભ કેવલે,
ક્ષયકૃત મલ રાશી;
શુકલ ચરમ શુચિ પાદસે,
ભયે વર અવિનાશી ( ૨ )
અંતરંગ રિપુગણ હણીએ,
હુય અપ્પા અરિહંત;
તસુ પદ પંકજમેં રહી,
હીરધર્મ નિત્ય સંત. ( ૩ )

**અર્થ**—શ્રી અરિહંતરૂપી સૂર્ય જયવંતા વર્તો, જયવંતા વર્તો; તેઓ લોકાલોકમાં રહેલા અરૂપી અને રૂપી સમસ્ત વસ્તુને પ્રકાશ કરનારા છે તેમજ ભવ્ય જીવોરૂપ કમળોને વિકસાવનારા છે. ( ૧ ) કેવલીનામના સમુદ્દ્ઘાતવડે કર્મરૂપી મેલના ઢગલાનો ક્ષય કરનારા છે, શુકલધ્યાન-છેલ્લા પવિત્ર એવા ચોથા પ્રકારવડે અવિનાશી-શ્રેષ્ઠ પદને પામનારા છે. ( ૨ ) અંતરંગ કર્મરૂપી શત્રુના સમૂહને હણી, પોતાના આત્માને અરિહંતરૂપ કરેલ છે. તેમના ચરણકમલમાં રહી, હીરધર્મ નામના મુનિ હમેશાં સ્તવના કરે છે.

**વિવેચન**—સૂર્યવિકાસી કમળને સૂર્ય વિકસિત કરે છે; સંકોચ પામેલાં કમલપત્રો સૂર્યકિરણથી પ્રફુલ્લિત થાય છે, એવી ઉપમાને યથાર્થ જણાવતા અરિહંતરૂપ સૂર્ય ખરેખર ભવ્યજીવરૂપ કમળને ઉપદેશદ્વારા વિકસિત કરે છે; વળી લોક અને અલોકમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાલ એ નામના પાંચ દ્રવ્યો અરૂપી છે અને એક ફક્ત પુદ્ગલાસ્તિકાય રૂપી છે એમ છ દ્રવ્યમય જગત્ છે; જેમાં અલોકની અંદર એક જ આકાશાસ્તિકાય નામનું દ્રવ્ય છે; એ રીતે અરિહંતપ્રભુ કેવલજ્ઞાનથી સર્વ દ્રવ્યનું યથાર્થ અવલોકન કરનારા છે તેમજ વચનદ્વારા પણ પ્રતિપાલન કરી શકે છે.

વળી કર્મગ્રંથ, કમ્મપયડી, પંચસંગ્રહ, પન્નવણાદિ સૂત્રોમાં અતિપ્રસિદ્ધ એવું કેવલીસમુદ્દ્ઘાતનું વર્ણન આવે છે; તેમાં ઘાતીકર્મ ક્ષય કર્યા પછી અઘાતી કર્મમાં આયુષ્યથી બીજા ગોત્ર, નામ, વેદનીય અધિક પ્રમાણમાં હોય તો તે કર્મોને નિર્જરવાને માટે તેમજ આયુષ્યની સાથે જ સરખાં કરવાને આઠ સમય પ્રમાણ કેવલીસમુદ્દ્ઘાત નામનો અપૂર્વ પ્રયોગ કરે છે; તે પ્રયોગમાં છેલ્લું જે શુકલધ્યાન છે તેનો પણ છેલ્લો પ્રકાર 'વ્યુચ્છિન્નક્રિયાઅપ્રતિપાતી' નામનો છે; તેના દ્વારા સર્વ કર્મક્ષય કરી પ્રભુ મોક્ષ પામ્યા છે એટલે ઉત્તમોત્તમ અવિનાશી ગુણ સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરેલી છે. આ સ્વરૂપ દ્રવ્યાનુયોગના સંબંધમાં છે. થોડા અક્ષરોથી થોડા અર્થવિવેચનથી સમજાઈ શકે તેવી વસ્તુ નથી. સમ્યગ્જ્ઞાનના અભિલાષી વિવેકી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માએ આ ગ્રંથનું વાંચન મનન કરવા જેવું છે. વાંચન તથા મનન કરતાં છતાં અતિ વિદ્વાન અને કર્મગ્રંથાદિ જાણનાર અનુભવી મુનિપુંગવો તેમજ ધાર્મિક શિક્ષકોનો પરિચય ખાસ આદરણીય છે. આવી ગહન વસ્તુમાં યુક્તિ પણ કામ આવે છે; તો પણ અગમ્ય વસ્તુમાં આગમ–પ્રમાણ અને શ્રદ્ધાનું બળ જોઇએ એટલે કેટલીક વસ્તુમાં યુક્તિ ન ચાલે; પણ શ્રદ્ધા જ કામ કરે કારણ કે અરૂપી વસ્તુનું યથાર્થ અવલોકન સ્વગુણદ્વારા ચાર જ્ઞાનવાળા જીવો કરી શકતા નથી. ફક્ત કેવલી જ કરી શકે છે. પરંતુ વચન-દ્વારા છદ્મસ્થ ( શ્રુતકેવલીઓ ) યથાર્થ કહી શકે છે.

આંતરિક મોહાદિ શત્રુને હણવાથી અરિહંતરૂપ આપણો આત્મા પણ બની શકે છે; આવા શ્રી અરિહંતપ્રભુના ચરણકમલમાં મુનિપુંગવો રહીને પ્રથમ પદના આરાધક બને છે; એમ શ્રી હીરધર્મ ચૈત્ય-વંદનના રચયિતા સૂચન કરે છે.

---

### બાવનમા વર્ષમાં પ્રવેશતા

### શ્રી આત્માનંદ પ્રકાશ ( માસિક ) ભાવનગર

## અખંડ રહો–શુભાશિષ

( રાગ–દોહરા )

બાહિર્લાપીકા.

શ્રી વીરવાણી પ્રકાશતું, આત્માનંદ પ્રકાશ;
આત્માનંદને અર્પતું, કરાવે જીવન વિકાસ. ૧
તત્ત્વજ્ઞાન ઝરણા વહે, સાહિત્ય પ્રગટે રસાળ;
માયા મમતા મીટાવવા, પીરસે વિધવિધ થાળ. ૨
નંબર એકાવન વરસ, પૂર્ણ કરી ભલીભાત;
દસ બે હજાર સાલમાં, પ્રગટે બાવન પ્રભાત. ૩
પ્રકાશ જૈન સમાજને, અર્પ્યો અપરંપાર;
કાયા મન વાણીથકી, સેવા કરી અપાર. ૪
શહેર ભાવનગર મહીં, આત્માનંદ સભામાંય;
ભાવનાશીલતાથી થતો, જ્ઞાનપ્રચાર જગમાંય. ૫
વહેતું ઝરણું રાખજો, દાનતણું જ્ઞાનમાંય;
નરભવ સાર્થકતા કરો, જ્ઞાનધ્યાનથી સહાય. ૬
ગર્વ લઇએ આપણે, સભા કરતી વિકાસ;
રહો અખંડ ‘અમર’ સદા, આત્માનંદ પ્રકાશ. ૭

—અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન યોગવિદ્યા-એક આછી રૂપરેખા

[ લેખક:—પ્રોફેસર જયંતીલાલ ભાઇશંકર દવે એમ. એ. ]

તત્ત્વજ્ઞાનના પ્રોફેસર શ્રીયુત્ જયંતીલાલ ભાઇશંકર દવે એમ. એ. ના નામથી આત્માનંદ પ્રકાશના વાચકો ભાગ્યે જ અજાણ હશે. તેઓશ્રી તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી છે. તેમ જ શ્રી હરિસત્ય ભટ્ટાચાર્યના "અનેકાન્તવાદ" આદિ કઠીન નિબંધોનો ભાવવાહી સરળ અનુવાદ કરી જૈન તત્ત્વજ્ઞાન તરફનો તેઓશ્રીને કેવો ઊંડો અભ્યાસ છે. તે સિદ્ધ કરી આપેલ છે. જૈન યોગ ઉપરનો તેઓશ્રીનો મનનીય લેખ અત્રે રજૂ કરવામાં આવેલ છે જૈન તત્ત્વજ્ઞાન અને યોગની સામગ્રી તેઓશ્રી આ રીતે આત્માનંદ પ્રકાશના વાચકો સમક્ષ પીરસતા રહે તેમ ઇચ્છીએ છીએ. **( તંત્રીમંડલ )**

જગતના મુખ્ય મુખ્ય ધર્મોની ઉત્પત્તિ એશિયા ખંડમાં થયેલી જોવામાં આવે છે તે એક વિચારણીય હકીકત છે. આ બધા ધર્મોનું વર્ગીકરણ કરીએ તો બે વિભાગ સ્પષ્ટ રીતે પડે છે. ( ૧ ) સેમિટિક ધર્મો ( ૨ ) આર્યકુલના ધર્મો. સેમિટિક ધર્મોમાં આદિ ધર્મ યાહુદીઓનો ધર્મ છે. ખ્રીસ્તી ધર્મ અને ઇસ્લામ સેમિટિક ધર્મોના વર્ગમાં આવે છે. ઈસુખ્રીસ્ત જન્મે યાહુદી હતા. તેમણે પ્રચલિત યાહુદી ધર્મને એક નવી દૃષ્ટિ આપીને મૂળ ધર્મમાં થોડોક ફેરફાર કર્યો પણ રૂઢિચુસ્ત યાહુદીઓને એ વાત માન્ય નહોતી તેથી ખ્રીસ્તી ધર્મ સ્વતંત્ર રીતે, જૂદા જ ધર્મ તરીકે માન્ય થવા લાગ્યો. ઇસ્લામમાં યાહુદી અને ખ્રીસ્તી ધર્મોની ખૂબ અસર છે માટે જ તેને સેમિટિક ધર્મોના વર્ગમાં વિદ્વાનો મૂકે છે.

## જગત્‌ના ધર્મોનો તુલનાત્મક દૃષ્ટિએ વિચાર : યોગ માર્ગનો સ્વીકાર.

ઉપર અમે બહુ જ ટુંકાણમાં સેમિટિક ધર્મોનો અલ્પ પરિચય અને ઇતિહાસ આપ્યો. હવે આર્યકુલના ધર્મોમાં હિંદુ, જૈન અને બૌદ્ધ ધર્મો આવે છે. ખરી રીતે 'હિંદુ' શબ્દ યોગ્ય નથી. "વૈદિક અને અવૈદિક ભારતીય ધર્મો" એમ આપણે કહેવું જોઇએ અથવા બ્રાહ્મણ ધર્મ અને શ્રમણ ધર્મ એવો વાક્યપ્રયોગ કરવો જોઇએ. શ્રમણ ધર્મમાં જૈન અને બૌદ્ધ બન્ને આવી જાય છે. અહિં શીખ ધર્મને સ્વતંત્ર ગણ્યો નથી; તે હિંદુ ધર્મની ઉપશાખા છે. ઝરથોસ્તી ધર્મની ચર્ચા અહિં અપ્રસ્તુત છે.

જગત્‌ના મુખ્ય ધર્મોનો તુલનાત્મક દૃષ્ટિએ વિચાર કરીશું તો એક વાત સ્પષ્ટ રીતે જણાઇ આવશે તે એ છે કે દરેક ધર્મમાં **યોગમાર્ગનો સ્વીકાર** થયેલો જોવામાં આવે છે. એકેશ્વરવાદી ધર્મો ( Monotheistic ) માં પ્રધાનપણે ભક્તિયોગ જોવામાં આવે છે. ભારતીય દર્શનો અને ધર્મોમાં એક વિશિષ્ટતા એ છે કે યોગના અનેક પ્રકારો, અનેક અંગો અને ઉપાંગો, પૃથક્ અને એકી સાથે, સ્વીકારાયાં છે. જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ–આ શબ્દોથી લગભગ દરેક શિક્ષિત માણસ પરિચિત છે. દરેક ધર્મમાં કયા પ્રકારનો યોગ માર્ગ પ્રચલિત છે એનું વર્ણન અહિં કરવા બેસીએ તો બહુ જ વિસ્તાર થઇ પડે માટે વિષયાંતરભય અને વિસ્તારભયથી ખ્રીસ્તી યોગની પ્રક્રિયા બહુ જ ટુંકાણમાં આપી મુખ્ય વાત ઉપર આવીએ.

સેઇન્ટ બર્નાર્ડ નામે એક મોટો ખ્રીસ્તી સંત અને યોગી થઇ ગયો છે. તેનો ઉપદેશેલો યોગમાર્ગ આપણા ધ્યાન યોગને બહુ જ મળતો આવે છે. પાતંજલ યોગમાં ધારણા, ધ્યાન, સમાધિ વગેરેનું વર્ણન છે. આબેહૂબ એવું જ વર્ણન સેઇન્ટ બર્નાર્ડની પ્રક્રિયામાં દેખાય છે. જેને આપણે 'ધારણા' કહીએ છીએ તેને સેઇન્ટ બર્નાર્ડ લેટીન ભાષામાં 'consideratio' કહે છે. જેને આપણે 'ધ્યાન' કહીએ છીએ તેને તે 'contemplatio' કહે છે અને જેને આપણે 'સમાધિ' કહીએ છીએ તેને તે "excessus" અથવા "raptus" કહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ત્રણે શબ્દો ' ધારણા ' ' ધ્યાન ' અને ' સમાધિ '-ના સ્પષ્ટ પર્યાયો છે એમ જણાયા વગર રહેશે નહિ.

ભારતીય દર્શનોમાં પણ **ધ્યાનયોગ** એ જ મુખ્ય યોગ છે. બૌદ્ધ દર્શનમાં અને જૈન દર્શનમાં પણ ધ્યાનયોગ, પ્રધાન યોગ છે. તાંત્રિક દર્શનોમાં પણ યોગ પ્રક્રિયાઓ છે, પણ આ બધાની પાછળ જોઈએ તો ઈષ્ટનું **ધ્યાન** એ જ મુખ્ય વસ્તુ છે. ઇષ્ટ શું હોઇ શકે તેની ચર્ચા અહિં અસ્થાને છે. યોગનો સાર, યોગનું રહસ્ય, ધ્યાનમાં રહેલું છે.

## યોગ એટલે શું ?

' યોગ ' શબ્દની વ્યુત્પત્તિ જોઇએ તો તે સંસ્કૃત શબ્દ છે અને ' **युज्** ' ધાતુમાંથી વ્યુત્પન્ન થયો છે. સિદ્ધહેમચંદ્ર વ્યાકરણ પ્રમાણે ' **युज्** ' ધાતુ પણ બે જાતના છે એટલે જુદા જુદા અર્થના બોધક છે. એક અર્થમાં ' **युज्** ' એટલે ' જોડવું ' થાય છે અને **युंजि च समाधौ** એમ બીજી રીતે તેનો અર્થ ' સમાધિ ' થાય છે. બૌદ્ધ ઝેન ( zen ) સંપ્રદાય-માં વિશેષત: બીજો અર્થ ગ્રહણ કરાયેલો લાગે છે. ઝેન શબ્દ એ ધ્યાન શબ્દનું અપભ્રંશરૂપ છે. ટૂંકામાં ધ્યાન અને સમાધિનો નિકટ સંબંધ હોવાથી તે સંપ્રદાયમાં ધ્યાનયોગ વધારે પ્રચલિત થયો છે. ઘણુંખરું બીજાં બધાં ભારતીય દર્શનોમાં યોગ શબ્દના બન્ને અર્થોનો સ્વીકાર થયેલો જોવામાં આવે છે.

## યોગમાં સાધ્ય અને સાધન.

પતંજલિએ યોગની વ્યાખ્યા ' ચિત્તવૃત્તિનો નિરોધ એ જ યોગ, ' એમ આપી છે. સૂક્ષ્મતાથી જોઇએ તો ચિત્તવૃત્તિઓનો ખાસ સંબંધ મન, વચન અને શરીરની ક્રિયાઓ સાથે છે. ટૂંકામાં ચિત્તવૃત્તિ નિરોધ એટલે સંયમ-મનનો, વાણીનો અને શરીર-નો. જો આપણે મોક્ષને સાધ્ય માનીએ તો સ્પષ્ટ છે કે ચિત્તવૃત્તિનિરોધરૂપી યોગ સંયમયોગ અને છે એટલે કે તે એક ધર્મવ્યાપાર અથવા એક સાધન છે. આપણું અંતિમ સાધ્ય તો મોક્ષ છે. શ્રી યશો-વિજયજીએ યથાર્થ જ કહ્યું છે કે **मोक्षेण योजना-देव योगो ह्यत्र निरुच्यते ( द्वात्रिंशिका १०/१ )** એટલે કે જે કોઇ સાધનથી આત્માની શુદ્ધિ અને મોક્ષ પ્રાપ્ત થાય છે તે બધાં સાધનો મોક્ષ-યોગને ઉપકારક બને છે.

## જૈન યોગવિદ્યાનું સ્વરૂપ

જૈન આગમોમાં યોગનું વર્ણન ધ્યાનયોગ તરીકે વિશેષ જોવામાં આવે છે ધ્યાનના મુખ્યત્વે ચાર પ્રકાર છે ( ૧ ) આર્ત, ( ૨ ) રૌદ્ર, ( ૩ ) ધર્મ અને ( ૪ ) શુકલ. હવે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન તો ક્ષુદ્ર પ્રકારનાં ધ્યાનો છે કારણ કે તેમાં રજોગુણ અને તમોગુણ વિશેષ રહે છે અને ઘણુંખરું તેની ભૂમિકા વ્યાવહારિક છે, પારમાર્થિક નથી. તેથી ઊલટું ધર્મધ્યાન અને શુકલધ્યાન આત્માર્થીને પરમ ઉપકારક બને છે. માણુસના સ્વભાવમાં જ ચંચળતા રહેલી છે અને તેથી જ તેની ચિત્તવૃત્તિઓ વારંવાર ડોલાયમાન થયા કરે છે અને ધ્યેયને પ્રાપ્ત કરી શકાતું નથી; માટે જ ચિત્તની એકાગ્રતા કેળવવી જોઇએ. સાદી ભાષામાં કહીએ તો યોગ એટલે ચિત્તની એકાગ્રતા અથવા કોઇ પણ વિષયમાં ચિત્તની અનન્ય તન્મયતા, આવી ચિત્તની એકાગ્રતા અથવા તન્મયતા સિવાય પ્રગતિ સાધી શકાય નહિ. ધ્યાનમાં ચિત્તની એકાગ્રતા જ મુખ્ય વસ્તુ છે. ચિત્તની એકા-ગ્રતાનો ઉપયોગ વ્યવહારિક ધ્યેયો પ્રાપ્ત કરવા માટે થઈ શકે છે અથવા પારમાર્થિક ધ્યેયો પ્રાપ્ત કરવા માટે. એટલે યોગ પણ બે પ્રકારનો થયો. ( ૧ ) વ્યાવહારિક અને ( ૨ ) પારમાર્થિક. જેમાં માત્ર એકા-ગ્રતાનો જ વિચાર પ્રધાનપણે છે ને વ્યાવહારિક યોગ કહેવાય પણ જેમાં એકાગ્રતાની સાથોસાથ આત્માની સતત જાગૃતિ અને અહંકાર, મિથ્યાત્વ વગેરેનો ત્યાગ છે તથા મોક્ષગામી દૃષ્ટિ છે તે પારમાર્થિક યોગ છે, ધર્મધ્યાન અને શુકલધ્યાનથી અંતઃકરણ નિર્મળ અને શુદ્ધ બને છે. શુકલધ્યાનને જૈનગ્રંથોમાં ઉત્તમ મોક્ષ સાધન કહ્યું છે. આ વિષય પર વિસ્તાર-પૂર્વક માહિતી આવશ્યકનિર્યુક્તિ, સમાધિશતક ઇત્યાદિ ગ્રંથોમાં આપી છે.

જૈન યોગવિદ્યામાં હઠયોગ કે પ્રાણાયામને સ્થાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. શ્રી હેમચંદ્રાચાર્યે તો પ્રાણાયામનો નિષેધ પણ કર્યો છે. તેનું કારણ તેઓ આ પ્રમાણે આપે છેઃ–

**तन्नाप्नोति मनः स्वास्थ्यं प्राणायामैः कदर्थितम्**
**प्राणस्यायमने पीडा तस्यां स्याच्चित्तविप्लवः ॥**
**( हैमयोगशास्त्र )**

એટલે કે પ્રાણાયામ કરવાથી મન ડહોળાઇ જઇ સ્વસ્થતા મેળવતું નથી અને ઉલટું તેને પીડા થાય છે અને પરિણામે ચિત્ત બહુ જ અસ્થિર બની જાય છે. હરિભદ્રસૂરિએ પણ એવા જ આશયવાળું કહ્યું છે કે 'જ્યારે ધ્યાન કરવાનું હોય ત્યારે હઠાત્કારથી કે બલાત્કારથી શ્વાસોચ્છ્વાસનો નિરોધ કરવો જોઇએ નહિ.' વળી કેટલાકનો એવો મત છે કે પ્રાણાયામથી જેને લાભ થતો હોય તો તે ભલે તેમ કરે પણ આધ્યાત્મિક દૃષ્ટિએ વિચાર કરતાં તે યોગ માર્ગનું આવશ્યક અંગ તો નથી જ.

## ગુણસ્થાનકો યોગની ભૂમિકાઓ છે.

જ્યારે આત્મા વિકાસની દિશા તરફ જવા માંડે છે ત્યારે તેને અનેક અવસ્થાઓમાંથી અથવા ભૂમિકાઓમાંથી પસાર થવું પડે છે. અથવા બીજી રીતે કહીએ તો નીચલા પગથિયાંથી ક્રમેક્રમે ઉપર ને ઉપર પગથિયે ચડે છે. ગુણસ્થાનક્રમારોહ–આ શબ્દ-પ્રયોગ તે જ વસ્તુ બતાવે છે. નિશ્ચયનયથી વિચાર કરીએ તો આત્માના સ્વ–ભાવમાં તો કોઈ ગુણસ્થાનક નથી. આત્માનો મૂળ સ્વ–ભાવ તો પૂર્ણજ્ઞાયક, ચૈતન્ય-સ્વરૂપ, પૂર્ણસૂર્યના જેવો પ્રકાશરૂપ, સમદર્શી, કૃતકૃત્ય અને નિરંજન છે. પણ વ્યવહારનયથી વિચારીએ તો જીવને રાગાદિ ભાવકર્મો વળગ્યાં છે, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મો છે, શરીરાદિનો કર્મો છે. હવે ગુણસ્થાન–મીમાંસાનું રહસ્ય આ છે. વ્યવહારનય પ્રમાણે જીવ અશુદ્ધ છે. આ અશુદ્ધતાની માત્રાઓ ઘટાડવા માટે અને શુદ્ધતાને પ્રાપ્ત કરવા માટે ગુણસ્થાનકોનાં પગથિયાં ગોઠવ્યાં છે. કોઇ વિદ્વાને યોગ્ય જ કહ્યું છે કે;

**आस्रवो बंधहेतुः स्यान्निर्जरामोक्षकारणम् ।**
**इतीयमार्हती दृष्टिः ॥**

એટલે કર્માસ્રવો બંધનું કારણ બને છે અને નિર્જરા મોક્ષનું કારણ બને છે. આ જ જૈનદૃષ્ટિએ તત્ત્વસાર છે. કર્મનાશ એટલે જ મોક્ષ. કર્માસ્રવની સંપૂર્ણ નિર્જરા થતાં આત્મા પોતાના મૂળસ્વરૂપમાં પ્રકાશે છે. આ મૂળ સહજ સ્થિતિ એ જ મોક્ષ.

જૈન યોગસાહિત્યમાં ક્યાંક ક્યાંક ત્રિવિધ યોગ, પંચવિધ યોગ અને અષ્ટદૃષ્ટિ યોગનું વર્ણન આવે છે પરંતુ તે બધું પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરવાના સાધન-રૂપે ઉદ્દિષ્ટ છે. જીવ શુદ્ધાત્મા બને એટલે તુરત જ પરમાત્મસ્વરૂપ બની જાય છે. એ જ સિદ્ધસ્થિતિ છે, એ જ મોક્ષ છે. ટૂંકામાં મોક્ષપદ અથવા પરમાત્મપદ અથવા શુદ્ધાત્મસ્વરૂપપ્રાપ્તિ માટેનું સાધન યોગ કહેવાય છે.

---

મહાન્ પુરુષોના સમયમાં હસ્તી ધરાવવી એમાં કંઇ જ નથી. મહાન્ પુરુષોને ઓળખવા, પોતાની શક્તિ જેટલું તેમનાં સત્કાર્યોનું અનુકરણ કરવું, નૈતિક શક્તિમાં તેમના જેવા થવાની મહત્વાકાંક્ષા રાખવી એનું નામ તે જીવન. એવા લોકોને જ મહાન્ પુરુષોના સમકાલીન કહી શકાય. જેટલા દરજ્જે આપણે સાવધાન રહ્યા તેટલે દરજ્જે આપણે જીવ્યા. જેટલા દરજ્જે ગફલતમાં રહ્યા, પ્રમાદમાં રહ્યા તેટલે દરજ્જે આપણે મરણની સ્થિતિમાં રહ્યા; માટે જ બુદ્ધ ભગવાને કહ્યું છેઃ **अप्पमादो अमतपदं, पमादो मच्चुनो पदं ।** ( અપ્રમાદ એ અમૃતનું પદ છે અને પ્રમાદ એ મૃત્યુનું પદ છે. )

( જીવન અને સંસ્કૃતિ; પૃ. ૧૭૮ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિઃસ્વાર્થ સેવા એ જ પરમ સ્વાર્થ

**न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात ! गच्छति ।** જેઓ જીવ માત્રનું કલ્યાણ થાય તેવી પ્રવૃત્તિઓમાં જ રચ્યાપચ્યા રહે છે, જેઓએ જીવ માત્રની સેવા કરવાનું વ્રત લીધેલું છે તેઓ કદી પણ દુર્ગતિને પામતા નથી. જીવસેવા એ પણ એક જાતનું તપ છે. આ તપ આચરનાર માનવી પારકાનું કલ્યાણ સાધે છે એટલું જ નહિ પણ પોતાના આત્માનું યે કલ્યાણ સાથે સાથે સાધે છે. આ દષ્ટિએ નિઃસ્વાર્થ જીવસેવા એ ઉત્તમ કોટિના સ્વાર્થને સાધનારી થઈ પડે છે. આ બાબતમાં મઘનું એક સુંદર દષ્ટાંત છે.

મગધ દેશના મચલ નામના ગામમાં મઘનો જન્મ થયો હતો. તે જ્યારે ઉંમર લાયક થયો ત્યારે પોતાના ગામના લોકોની ગંદી રહેણીકરણી, કજિયાખોર વૃત્તિ અને સ્વાર્થપરાયણ સ્વભાવ જોઇને તેને ખેદ થયો. આ પરિસ્થિતિ સુધારવાનો તેણે નિશ્ચય કર્યો અને તેના પ્રથમ પગથિયારૂપે ગામની ગંદકી દૂર કરવાની પ્રવૃત્તિ આદરી. તેણે ગામની શેરીઓ વાળીચોળીને સાફ કરવા માંડી. ગામના લોકો હસવા લાગ્યા અને વૃદ્ધ જનો કહેવા લાગ્યા કે–મઘનું ભેજું ચસકી ગયું છે. પરંતુ ગામને ચોકખું થતું જોઇને યુવાનો મઘની પ્રવૃત્તિ તરફ આકર્ષાયા અને ધીમે ધીમે મઘની પ્રવૃત્તિઓમાં સાથ આપવા ત્રીસ યુવાનો જોડાયા. આ ત્રીસે ય સાથીઓ મઘના ઉપદેશ પ્રમાણે હિંસા, વ્યભિચાર, ચોરી, અસત્ય ભાષણ અને માદક પદાર્થોનું સેવન–પાંચે દોષોથી દૂર રહેતા અને પોતાની ફુરસદના સમયમાં લોકોને ઉપકારક થાય તેવી પ્રવૃત્તિઓ કરતા. તેઓ ગામના રસ્તાઓ સાફ કરતા, નાના નાના પૂલો બાંધતા, તળાવો ખોદતા અને એવાં બીજાં લોકોપયોગી કામો કરતા. વળી લોકોને સદાચારનો ઉપદેશ પણ આપતા. ધીમે ધીમે લોકોની તેમનાં કામોમાં તથા અન્ય પ્રવૃત્તિઓમાં શ્રદ્ધા બેઠી, અને તેઓ તેમને સહકાર આપવા લાગ્યા. દારૂનાં પીઠાં બંધ થયાં, અને ટંટા–બખેડા ઓછા થયા. આથી ગામના મુખીની પ્રતિષ્ઠા ઘટી અને તેની આવક ઓછી થવા માંડી. આ પરિસ્થિતિ તેનાથી સહન ન થઇ. તે રાજા પાસે ગયો અને ફરિયાદ કરી કે મઘ અને તેના સાથીઓ ગામ લોકોને ડરાવે છે, તેમની પાસેથી પૈસા પડાવે છે અને તેમની પ્રવૃત્તિઓથી આવક ઘણી ઘટી ગઇ છે. રાજાએ મઘ અને તેના સાથીદારોને પકડી લાવવાનો હુકમ કર્યો. હુકમની ખબર પડતાં તેઓ સામા પગલે રાજપુરુષો પાસે હાજર થયા. તેમને હાથપગમાં બેડી પહેરાવીને રાજદરબારમાં લઇ જવામાં આવ્યા. રાજા આ વખતે અંતઃપુરમાં હતો. કાંઇ પણ તપાસ ન કરતાં તે લોકોને હાથીના પગે કચડી નાંખવાનો હુકમ તેણે આપ્યો. હુકમ સાંભળીને મઘે પોતાના સાથીદારોને કહ્યું કે–" આપણે સારાં કર્મો કરતા આવ્યા છીએ છતાં આ સંકટ આવી પડયું છે, તો તે આપણાં આગલાં કુકર્મોનું ફળ છે તેમ માનજો. સત્કર્મોનું ફળ હવે પછી જરૂર મળશે તેવી શ્રદ્ધા રાખજો. જેવો લોકો પર અત્યાર સુધી તમારો પ્રેમ હતો, તેવો જ પ્રેમ તમારી સામે ફરિયાદ કરનાર મુખી ઉપર, તમને મારવાનો હુકમ કરનાર રાજા ઉપર તથા તમને મારવા માટે પ્રવૃત્ત થયેલા હાથી ઉપર રાખજો. શત્રુ, મિત્ર એવા ભેદ મનમાંથી કાઢી નાંખજો અને અત્યાર સુધી કરેલાં સત્કર્મોનું ચિંતન કરજો."

મઘ અને તેના સાથીદારોને એક મેદાનમાં સુવાડી તેમના ઉપર ચલાવવા માટે એક મદોન્મત્ત હાથીને લાવવામાં આવ્યો પરંતુ તેમને જોતાં જ હાથી કિકિયારી કરી પાછો હઠ્યો; તેણે એક પણ પગલું આગળ વધવાની ના પાડી. આ સમાચાર સાંભળતાં જ રાજાને લાગ્યું કે નક્કી આ માણસો પાસે હાથીને વશ કરવાનો મંત્ર હશે. એટલે તેણે મઘને પોતાની પાસે બોલાવ્યો તથા પોતાને તે મંત્ર શીખવવા કહ્યું. મઘે જવાબ આપ્યો કે " મહારાજ, અમારી પાસે મંત્ર જંત્ર નથી. અમારો મંત્ર કહીએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તે અમે આજ સુધી એકનિષ્ઠાથી શીલનું પાલન કરતા આવ્યા છીએ તે જ છે. અમે જાણી જોઇને કોઇ પ્રાણીનો ઘાત કરતા નથી, પરસ્ત્રીને માતા સમાન ગણીએ છીએ, ચોરી કરતા નથી, અસત્ય ભાષણ બોલતા નથી. અને દારૂ વગેરે માદક પદાર્થો સેવતા નથી. અમે લોકોની સેવા કરીએ છીએ અને જીવમાત્ર તરફ મૈત્રીની ભાવના કેળવીએ છીએ. આ જ અમારો મંત્ર છે."

રાજાએ તપાસ કરાવી તો મઘની આ વાત સાચી નીકળી. એટલે ગુસ્સે થઇને ખોટી ફરિયાદ કરનાર મુખીને દેહાંતદંડની શિક્ષા ફરમાવી. પણ મઘે રાજાને મુખીને માફી આપવા વિનતિ કરી. આ વિનતિ સ્વીકારી રાજાએ મુખીને માફી આપી પણ તેની પાસેથી મુખીપણું લઇ લીધું અને તે મુખીપણું મઘને આપ્યું.

જે લોકો જીવસેવાને પોતાના જીવનનું ધ્યેય બનાવીને સત્પ્રવૃત્તિમાં કાળ નિર્ગમન કરે છે તેમની આ લોકમાં કે પરલોકમાં દુર્ગતિ થતી નથી, પરંતુ આવી પ્રવૃત્તિઓ તેમના આત્માનું કલ્યાણ સાધે છે. અંતે આ પ્રવૃત્તિઓ તેમને જ લાભદાયી થઇ પડે છે. ટૂંકામાં નિઃસ્વાર્થ સેવા એ પોતાના ઉચ્ચ સ્વાર્થની સાધક બની રહે છે. સ્વ.

# —: ચાતુર્માસ :—

## આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તી સમુદાયનું ચાતુર્માસ.

પંજાબકેશરી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ આદિ ઠા. ૪ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાલીયા ટેન્ક–મુંબઇ ૨૬.

આ.શ્રી વિજયસમુદ્રસૂરિજી, પંન્યાસશ્રી વિકાસવિજય આદિ ઠાણા ૧૧ લાલબાગ ભૂલેશ્વર–મુંબઇ.

ઉપાધ્યાયજી શ્રી પૂર્ણાનંદવિજય મહારાજ આદિ શ્રી આદીશ્વરજી પંચ જૈન ધર્મશાળા, પાયધુની–મુંબઇ.

મુનિશ્રી ઇન્દ્રવિજયજી, જયવિજયજી આદિ ઠા. ૪ (શાંતાક્રુઝ)

આચાર્યશ્રી ઉમંગસૂરિજી, પંન્યાસ ઉદયવિજયજી આદિ સાબરમતી–અમદાવાદ.

પંન્યાસશ્રી નેમવિજયજી, આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી, પંન્યાસશ્રી ચંદનવિજયજી આદિ ઠા. ૬ એલીસબ્રીજ, જૈન સોસાયટી–અમદાવાદ.

મુનિરાજ શ્રી મેઘવિજયજી મ૦, મુનિ રવિવિજયજી મહારાજ, પંન્યાસ રમણીકવિજયજી આદિ લુણસાવાડા–અમદાવાદ.

વયોવૃદ્ધ શ્રી વિચારવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી પ્રકાશવિજયજી મહારાજ આદિ ઠાણા ૪ કિનારી બજાર–દીલ્હી.

મુનિરાજ શ્રી સંતોષવિજયજી આદિ–ડભોડા.

પંન્યાસ શ્રી રામવિજયજી આદિ–પાટણ.

મુનિરાજ શ્રી વિનયવિજયજી આદિ નરોડા–(અમદાવાદ).

મુનિરાજ શ્રી દર્શનવિજયજી ગણિ આદિ–વડોદરા.

મુનિરાજ શ્રી વિશારદવિજયજી આદિ–પીંડવાડા.

મુનિ શ્રી કુંદનવિજયજી આદિ ગઢ–(પાલનપુર).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિષ્પ્રકમ્પતા:

લેખક:
શ્રી વસંતલાલ કાન્તિલાલ, બી. એ.

**મન વચન કાયાની ચંચલતાનો ત્યાગ કરી રસના ભરેલા વાસણની જેમ આત્માને શાંત તથા નિશ્ચલ કરી ઘણો વખત ધારી રાખવો**

**યોગશાસ્ત્ર** પ્રકાશ **૧૨**, શ્લોક **૧૮.**

શરીરની નજીવી હલચલથી માંડીને તે મનના નિરંકુશ ઉછાળા તે આત્માનો શાંત રસ ઢોળી નાંખે છે. મન, વચન, કાયા આધાર છે. આત્મા આધેય છે. આધેયને સ્થિર રાખવા આધારને સ્થિર કરવા પડે છે. રસથી ભરેલા પાત્રને આપણે બે હાથે કેવું સ્થિર પકડીએ છીએ. આ સ્થિરતા જ મુખ્ય છે. યોગના નિરધારવડે થતી સર્વ આત્મપ્રદેશોની સ્થિરતાને જ સિદ્ધોનું ચારિત્ર્ય વર્ણવ્યું છે.

આ મન, વચન, કાયામાં અસ્થિરતા ઉત્પન્ન કોણ કરે છે? બાહ્ય જગત. આપણે આમ જ માનતા આવ્યા છીએ, પણ તે માન્યતા ખોટી છે. બાહ્ય જગતની સ્થૂલ પરિસ્થિતિઓ પર સુખદુઃખનો આધાર નથી પણ ચિત્તના વલણ પર છે. (not external situation but mental attitude) બાહ્ય જગતના તોફાની વિષવતુંલોથી નિરપેક્ષપણે માનવહૃદય જીવી શકે છે, તે સત્યનું સમર્થન કરતું શાસ્ત્ર યોગશાસ્ત્ર છે.

દુનિયાના પ્રત્યેક બનાવો ત્રિયોગમાં ચંચળતા ઉત્પન્ન કરે છે કારણ તેના હૃદયમાં ભ્રમનું તાળું લાગ્યું છે. કબીર પણ કહે છે કે 'ભ્રમકા તાલા લગા મહેલમેં પ્રેમકી કુંજી લગા.' આત્મભુવનની બહાર આ ભ્રમનું તાળું લાગ્યું છે તેથી જ આપણે અંદર પ્રવેશી શકતા નથી ને બહાર ઓટલા પર ભય-ચિંતાદિના અસ્થિર વાયુ ને વર્ષાથી હેરાન થઇએ છીએ. આ ભ્રમનું તાળું ખોલી જે આત્મભુવનમાં પ્રવેશ છે, તે સંકલ્પ-વિકલ્પો ને તજ્જનિત યોગ-ચંચળતાનો નાશ કરે છે. આત્માનું રસસભર પાત્ર નિશ્ચલ રાખે છે.

આ ભ્રમનું તાળું તે જીવનદૃષ્ટિની મલિનતા છે. વસ્તુસ્વરૂપ વિષેનું અજ્ઞાન છે. **બુદ્ધિની નબળાઇ તે અજ્ઞાન નથી. અંતરની મલિનતા તે અજ્ઞાન છે—ભ્રમ છે. 'અંતર'નો આધાર 'બાહ્ય' પર છે, આ જ મોટો ભ્રમ છે. 'બાહ્ય'નો આધાર 'અંતર' પર છે, તે જ જીવનદૃષ્ટિની નિર્મલતા છે.** External is only echo of Internal–'બાહ્ય' તે 'અંતર'નો પડઘો માત્ર છે. 'અંતર' મલિન, વિકારી ને નિર્બળ હશે, તો બાહ્ય જગત પણ બેડોળ હશે. આજે જાણે છે ને અનુભવે છે, તેણે ભ્રમનું તાળું ખોલ્યું છે. માનવહૃદય પર બાહ્ય જગતના આઘાત પ્રત્યાઘાતો થતાં નથી. પણ માનવ હૃદયના આશય, નિર્ણય, કર્તૃત્વાદિના આઘાત પ્રત્યાઘાતો બાહ્ય જગત પર પડે છે. આમ જે માને છે તેની દૃષ્ટિ નિર્મળ થઇ છે. માનવનું અસ્તિત્વ માત્ર વર્તમાનકાળમાં જ નહિ, તે તો ત્રણે કાળમાં વ્યાપ્ત છે. ભૂતકાળ તે વર્તમાનની કાચી સામગ્રી 'raw material' છે. વર્તમાન પછીના યંત્રમાં તે ભૂતની કાચી સામગ્રીમાંથી જે finished products–તૈયાર ઉત્પાદન થાય છે, તે ભવિષ્ય છે. આ રીતે માનવનું અસ્તિત્વ ત્રણે કાળમાં સળંગ છે. ને તેના અસ્તિત્વનો પડછાયો જે પડે છે, તે જ માત્ર બાહ્ય જગત છે. બાહ્ય જગતનું આ વાસ્તવિક મૂલ્ય ઓળખી તેને જે exaggerated value અતિશયોક્તિભર્યો મહિમા આપ્યો છે, તે ઓછો કરવાથી આપણા યોગોમાં 'બાહ્ય' ચંચળતા ઉત્પન્ન નહિ કરે.

'અંતર'ના બળો જ સૌથી બળવાન છે, ને 'બાહ્ય' તો તે આંતરિક બળોના પ્રવાહનું ફીણ માત્ર છે, આ સમજવું તે ભ્રમનો નાશ છે. પણ આ સમજણ આવે શી રીતે? કબીરનું કહેવું છે કે 'પ્રેમની ચાવી લગાવ' ઇશ્વરપ્રેમદ્વારા અંતર-શક્તિઓની પ્રતીતિ થાય છે, ને 'બાહ્ય'માંથી વિશ્વાસ આપોઆપ ઉઠી જાય છે. ઇશ્વરને અભેદ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધિએ ધ્યાવવાથી, તેનામાં જાતિવિલોપન કરવાથી અંતરની દુનિયા વધુ ને વધુ આંખ સામે પ્રકટે છે. ને તેના રહસ્યો ને આશ્ચર્યો અદ્દભૂત સ્વરૂપે ખુલ્લાં થાય છે. 'અંતર'નું બળ અનુભવીએ છીએ અને આપણને પ્રતીતિ થાય છે કે 'અંતર' જ બાહ્યનું નિર્માણ કરે. છે એક 'પ્રભુ' બીજા 'પ્રભુ'ની મુદ્રામાં પ્રભુતા ઓળખશે, સ્વસંપત્તિ ઓળખશે ત્યારે 'બાહ્ય'માં ધરેધરે ભટકતો 'કુકર આશાધારી' ભ્રમ તોડશે. આનંદઘનનો પરચો મળશે. અંતરની સુખશાંતિ સમૃદ્ધિ પરમાત્માના ધ્યાન સિવાય, ઇશ્વર પ્રત્યેના જીવંત પ્રેમ સિવાય નહિ સમજાય. આથી જ કબીર ભ્રમનું તાળું પ્રેમની ચાવીથી ખોલવાનું કહે છે. 'બાહ્ય' ક્ષુદ્ર છે, વિકૃત છે, બેડોળ છે. એક પડછાયો માત્ર છે. એક પડઘો માત્ર છે ને 'અંતર' વિરાટ છે, પરમમનોહર છે, તે જ—સાગરરૂપ છે—સત્ય છે. પ્રતીતિ થઇ નથી, તેના મન વાણી ને કાયાના યોગમાં ચંચળતા ઉત્પન્ન થાય છે, ને આત્માનો રસ ઢોળાઇ જાય છે.

આ આત્માનો રસ કેટલો ક્ષણે ક્ષણે ઢોળાઇ રહ્યો છે! પ્રતિક્ષણે પ્રકૃતિ આદિ બંધો દ્વારા આત્માની અનંતશક્તિનો ઘાત થઇ રહ્યો છે! જે હાથોવડે આત્માનું પાત્ર ઝાલ્યું છે, તે હાથોમાં ભય, ચિંતા ને શોકની ધ્રુજારીઓ સતત ચાલુ છે—આ રૂપે, અનંતજ્ઞાની આત્માને ગઇ કાલનો બનાવ યાદ કરતાં કપાળ ઘસવું પડે છે. અનંતસુખસ્વભાવ આત્માને બે ટંક ખાવા માટે પાડોશીનું ગળું ટૂંપાવવું પડે છે—અનંત વીર્યવાન આત્માને ખાંસી ને શરદીના દર્દમાત્રથી પથારીમાં સૂતાસૂતા દિવસ કાઢવા પડે છે. સ્વભાવથી જ ઊર્ધ્વગતિવાળા આત્માને પાંચ દાદરા ચઢવા લીફ્ટ શોધવી પડે છે—ત્યારે લાગે છે કે આત્માનો રસ ઢોળાઇ રહ્યો છે.

આ આત્માનો રસ આમ ઢોળાતો અટકાવવા મન, વચન, કાયાને સ્થિર કરવા જોઇએ. તે માટે ભ્રમનો નાશ કરવો જોઇએ. દૃઢ પ્રતીતિ, દૃઢ સંકલ્પ ને દૃઢ પુરુષાર્થને આદરવાં જોઇએ.

---

# વર્તમાન—સમાચાર

આ સભાની અસાધારણ સામાન્ય સભા તા. ૧૨—૮—૫૪ શ્રાવણ શુદિ ૧૩ ગુરૂવારે શેઠ ગુલાબચંદ આણંદજીના પ્રમુખપણા નીચે મળતા સભાના માનનીય પેટ્રન શ્રીયુત ભોગીલાલ મગનલાલ શાહ, શ્રી ખાન્તિલાલ અમરચંદ વ્હોરા, શ્રી ખીમચંદભાઇ લલ્લુભાઈ તથા અન્ય સભાસદબંધુઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

સભાનું સુધારાવધારા સાથે તૈયાર કરવામાં આવેલ નવું બંધારણ જે સભાની મેનેજીંગ કમિટિએ પસાર કર્યું હતું, તે બંધારણ સભા સમક્ષ વાંચી સંભળાવવામાં આવેલ. તેમજ બંધારણ અંગે બહાર ગામથી જે સૂચનો આવેલ તે રજૂ કરવામાં આવ્યા હતાં તે પર વિચાર—વિનિમય કરી યોગ્ય સુધારાવધારા સાથે બંધારણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. અને તેનો અમલ સં. ૨૦૧૧ ના કારતક શુદિ ૧ થી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

સભાના સેક્રેટરી શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી, પોતાની તબીયત નાદુરસ્ત હોવાથી મીટીંગ સમયે હાજર રહી શકયા ન હતા, એટલે તેઓશ્રીએ નવા બંધારણ અને ભાવનગરની ત્રણે સાહિત્ય સંસ્થાના એકીકરણને અંગે શુભેચ્છા વ્યક્ત કરતો સંદેશો મોકલ્યો હતો તે સભા સમક્ષ પ્રમુખશ્રીએ વાંચી સંભળાવ્યો હતો.

ત્યારબાદ ભાવનગરમાં સાહિત્યના ક્ષેત્રમાં કાર્ય કરતી શ્રી જૈનધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા અને શ્રી યશોવિજયજી ગ્રંથમાળાના એકીકરણને અંગે જે શુભ આંદોલન ઉપસ્થિત થયું છે, તેના અનુસંધાનમાં પ્રમુખશ્રી ગુલાબચંદ આણંદજીએ પ્રમુખસ્થાનેથી નીચેનો ઠરાવ કર્યો હતો, જે પસાર કરવામાં આવ્યો હતો.

### ઠરાવ

"શહેર ભાવનગરમાં જૈન સાહિત્યની સેવા, પ્રકાશન અને પ્રચાર માટે જુદીજુદી સંસ્થાઓ કાર્ય કરી રહી છે તે કાર્ય વધુ સારી રીતે થાય તે ઉદ્દેશથી આ સંસ્થાઓના એકીકરણ માટે શિહોર મુકામે શ્રાવણ શુદિ ત્રીજના રોજ શ્રી જૈનધર્મ પ્રસારક સભાની વાર્ષિક બેઠકમાં શેઠ ભોગીલાલભાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મગનલાલભાઇના પ્રમુખપદેથી જે ઠરાવ મૂકયો છે તે ઠરાવને આ સભા સ્વીકાર કરે છે અને આ દિશામાં જે કાઇ પ્રવૃત્તિ કરવામાં આવે તેને અંગે ઘટતું કરવાને મેનેજીંગ કમિટિને આ સભા સત્તા આપે છે.”

× × ×

શ્રાવણ શુદિ ૩ ના રોજ થી જૈનધર્મ પ્રસારક સભાએ પસાર કરેલ ઠરાવ નીચે પ્રમાણે છે.

“શહેર ભાવનગરમાં જૈન સાહિત્યનાં સેવા, પ્રકાશન અને પ્રચાર માટે જુદી જુદી સંસ્થાએ કાર્ય કરી રહી છે. તે સંસ્થાઓએ યથાશક્તિ પણ સારી રીતે જૈન સાહિત્યની સેવાઓ વિવિધ રીતે બજાવી છે અને હજુ બજાવે છે. મુખ્યપણે એક જ ધ્યેયથી અને એક જ ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓ એકત્ર થાય અને એકત્રપણે કામકાજ બજાવે તે ઇષ્ટ અને ઉચિત જણાય છે. એકીકરણ પામેલી સંસ્થા પણ પ્રત્યેક સંસ્થાની હાલની વિશિષ્ટ પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકશે, તથા સાહિત્ય પ્રકાશન વગેરેનું પણ કામ કરશે, અને સાહિત્ય ક્ષેત્રમાં વિશેષ પ્રવૃત્તિઓ ઉપાડી શકશે. તથા ચાલુ પ્રવૃત્તિને વેગવાળી અને પ્રાણવાન બનાવી શકશે. તથા શહેર ભાવનગરમાં જૈન ધર્મના સાહિત્ય ક્ષેત્રમાં કામ કરતી જુદી જુદી સંસ્થાઓનું એકીકરણ થાય તે આ સભા ઇષ્ટ માને છે. ઉપરના હેતુ અનુસાર બીજી જૈન સંસ્થાઓ ઠરાવ કરે તેમની એકીકરણ સાધવા યોજના કરવા આ સભા મેનેજીંગ કમીટીને સૂચના કરે છે અને યોજના તૈયાર થયેથી જનરલ સભા પાસે રજૂ કરવા ઠરાવે છે.”

ત્યારબાદ મેનેજીંગ કમિટીની ચૂંટણી નીચે પ્રમાણે કરવામાં આવી હતી.

| | |
|---|---|
| પ્રમુખ | શેઠ ગુલાબચંદ આણંદજી |
| ઉપપ્રમુખ | શેઠ ફતેચંદ ઝવેરભાઇ |
| ” | પ્રો. ખીમચંદ ચાંપશી શાહ |
| સેક્રેટરી | વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી |
| | શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ |
| | શાહ જાદવજી ઝવેરભાઇ |
| ટ્રેઝરર | શેઠ રમણલાલ અમૃતલાલ |
| સભ્યો | શાહ ગુલાબચંદ લલ્લુભાઇ |
| | ભાવસાર સાકરલાલ ગાંડાલાલ |
| | શેઠ હરિલાલ દેવચંદ |
| | શાહ ભાયચંદ અમરચંદ |
| | સલોત મોહનલાલ જગજીવન |
| | શેઠ હરજીવન નથુભાઇ |
| | શાહ હિરાચંદ હરગોવિંદ |
| | શાહ નગીનદાસ હરજીવન |
| | શાહ દેવચંદ દુર્લભદાસ |

છેવટે બંધારણ રજીસ્ટર કરાવવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો અને બંધારણ ઘડવા બદલ વકીલ ભાયચંદ અમરચંદ શાહ, તથા સભાના પ્રમુખશ્રી, પેટ્રન સાહેબો વગેરેને આભાર માની, દુગ્ધપાન લઇ સર્વે વિખરાયા હતા.

# સ્વીકાર

નીચેના ગ્રંથો અમારી લાઇબ્રેરીને ભેટ મળ્યા છે જે માટે આભાર માનવામાં આવે છે.

૧ કલિકાળસર્વજ્ઞ હેમચંદ્રસૂરિવિરચિત **શ્રી સિદ્ધ-હેમશબ્દાનુશાસન** બૃહદ્‌વૃત્તિ ( ન્યાસાદિ સહિતમ્ ) અનુપૂર્તિકાર સંપાદક વ્યાકરણવાચસ્પતિ કવિરત્ન શાસ્ત્રવિશારદ **શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ,** પ્રકાશક શ્રી જૈન ગ્રંથ પ્રકાશકસભા–અમદાવાદ, શેઠ જેસંગભાઇ કાળીદાસ અમદાવાદ તરફથી ભેટ મળી છે.

૨ **શ્રી ગોડીજી પાર્શ્વનાથ સ્તવનાદિ સુબોધ સુધારસકૂપિકા.** રચયિતા–સંગ્રહકર્તા મુનિરાજ શ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજ અમુક સ્તવનો, રાત્રે શયન પહેલા વિચારણા, સુબોધક થોડા ફકરા વગેરે ભેટ મળેલી છે.

૩ **શ્રી પર્વતિથિ ભક્તિભાસ્કર**–પર્વતિથિના ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિનો આ ગ્રંથમાં સમાવેશ કરેલો છે. સંપાદક ઉપરોક્ત **મુનિરાજ તરફથી ભેટ મળેલ છે**

૪ **મારો સ્વાધ્યાય.** લેખક નેમિદાસ અભેચંદ આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરિજી મહારાજના શાસ્ત્ર–શ્રવણ–ઉપદેશવડે તેની નોટ કરેલ તેમજ બાર વ્રત, ઉપધાન વગેરે આત્મકલ્યાણ માટે પ્રવૃત્તિ કરતાં લખેલી નોટ ઉપરથી કરેલી નોંધ આ પુસ્તકરૂપે લેખકે પ્રગટ કરી છે. સાદી ભાષામાં વાંચવા જેવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.

## ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસા ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે. કિં. રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

**૨ સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય-અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩ મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટેજ જુદું. માત્ર પચીશ કોપી સિલિકે રહી છે.

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

## શ્રી કથારત્નકોષ ( ભાષાંતર દ્વિતીય ભાગ. )

કર્તા—**શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.**

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ. અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે. આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યક્ત્વના અને સત્તર પંચ અણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા** આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ઉપરાંત ક્રાઉન આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે. **આસો વદી ૦)) સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.** કિંમત સુમારે રૂા. નવ થશે,

---

**છપાય છે** **જ્ઞાનપ્રદીપ ( ત્રણે ભાગ સાથે ) સંપૂર્ણ** **છપાય છે**

લેખક—**સદ્ગત શાંતમૂર્તિ વિદ્વાન આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.**

જૈન-જૈનેતર અલ્પજ્ઞ દરેક મનુષ્યથી પણ સરલ રીતે સમજી શકાય, તેમજ ઉચ્ચ સંસ્કારી જીવન કેમ જીવી શકાય અને જીવનમાં આવતાં અનેક સુખ, દુઃખના પ્રસંગોએ સમચિત્ત કેવી પ્રવૃત્તિ આદરી શકાય, તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે અચૂક માર્ગદર્શક, કપરા વર્તમાન કાળમાં સાચું સુખ, સાચી શાંતિ આપનાર, અહિંસા અને સર્વ પ્રત્યે ભ્રાતૃભાવ ઉત્પન્ન કરાવનાર, નિરંતર પઠન, પાઠન માટે અતિ ઉપયોગી શાસ્ત્રોના અવગાહન અને અનુભવપૂર્ણ રીતે સદ્ગત આચાર્ય મહારાજે લખેલો આ સુંદર ગ્રંથ છે. શ્રી પાલનપુર શ્રીસંઘના ઉપર આચાર્ય મહારાજે કરેલા ઉપકાર માટે ગુરુભક્તિ નિમિત્તે અને સ્મરણાર્થે થયેલા ફંડની આર્થિક સહાયવડે આ ગ્રંથ ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં આકર્ષક બાઇડીંગ સાથે અમારા તરફથી છપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાંત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે. સાત વર્ષ પહેલા થયેલા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલા ગ્રંથોની કિંમત ઘણી મ્હોટી છે. જેમાંથી પેટ્રન થનાર મહાશયોને છેલા પાંચ વર્ષના પુસ્તકો ભેટ મળશે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪-૦-૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨-૦-૦ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦-૦-૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ ( ગુજરાતી ) | ,, ,, ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧-૦-૦ |
| | | રૂા. ૮૬-૦-૦ |

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦-૨૦૧૧ ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

બાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.


ઠરાવ
તા. ૧૩-૧-૫૩
૨૦૦૯ પોસ વદ ૧૩

શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra
www.kobatirth.org
Acharya Shri Kailassagarsuri Gyanmandir




આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદ સૂરિશ્વરજીના શીષ્ય મુનિશ્રી ગુણસાગરજીમહારાજના ઉપદેશથી
પાલીતાણા નિવાસી અણીયાર જવાહીરલાલ ગીરધરલાલ દુર્લભજી તરફથી દર્શનાર્થે ભેટ.

For Private And Personal Use Only